પ્રેમગુચ્છ.

કવિ બાલ—જામનગર.

પ્રકાશક,

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.

સરકીવાડ—અમદાવાદ.

[illegible]

પ્રેમ-ગુચ્છ

યાને

સેલિમા બેગમ.

અનુવાદક,

કવિ બાલકૃષ્ણ કાશીનાથ.
જામનગર.

ઈ. સ. ૧૯૧૫. વિ. સં. ૧૯૭૧.
પ્રથમાવૃત્તિ. પ્રતિ ૧૦૦૦.

પ્રકાશક,
ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.
પ્રયોજક વાર્તાવારિધિ,
સરકીવાડ—અમદાવાદ.

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં, રા. સોમાલાલ
મંગળદાસે છાપ્યું, પાંચકુવા—અમદાવાદ

મૂલ્ય રૂ. ૦—૪—૦.

ॐ

પ્રેમ ગુચ્છ

યાને

સેલિમા બેગમ.

પુષ્પ ૧ લું.

નૂતન પરિચારિકા.

પ્રેમ બીજ અદ્‌ભુત અતિ,
ગતિ તેની છે ભિન્ન—
પ્રેમ મત્ત થાયે નહીં,
પ્રાણાન્તે પણ ખિન્ન—૧

કાશ્મીરના ડુંગરાળ પ્રદેશમાં એક પ્રસિદ્ધ અને રમ્ય સ્થળે, મહદ્ ઐશ્વર્યસંપન્ન ભારત સમ્રાટ શહાજહાન બાદશાહે ગ્રીષ્મ રતુને માટે કેટલાક રાજમહેલ બંધાવ્યા હતા. આ મહાલયના સમુદાયનું નામ ‘આરામ બાગ’ એવું હોઇને તેમાં ‘મોતી મહેલ’ બહુજ શોભીતો, ઐશ્વર્યથી યુક્ત અને વૈભવ સામગ્રીમાં અગ્રેસર ગણાતો હતો. આ મોતી મહેલની અધિષ્ઠાત્રી—શહાજહાનની નૂતન પ્રણયિતા—સેલિમા બેગમ પોતાના નિઃસીમ રૂપગુણ અને સૌભાગ્યની અતુલ જ્યોતી વડે અંતઃપુરની અન્ય બેગમોના કોમલ હ્રદયો ક્ષણે ક્ષણે પ્રજાળતી હતી. વધારે તો શું ? પણ પ્રત્યક્ષ મુમતાજ બેગમ પણ શહાજહાનના હ્રદયપટપર પ્રેમપ્રભુત્વ સ્થાપન

કરી શકી નહીં. સેલિમાની જીવનરાત્રી સંપૂર્ણ થયા પછીજ મુમતાજ બેગમનો સુખસૂર્ય ઉદય પામ્યો હતો.

ચાંદની રાત્રિ ! ભગવાન રજનીનાથ ચંદ્રમા પોતાની વિમલ જ્યોત્સ્ના વડે વસુધરાને ન્હવરાવતો હતો. વચમાં વચમાંથી ધોળા સફેત કપાસના ઢગલા પ્રમાણે દેખાતા વિરલ મેઘ ચંદ્રપ્રભાને મ્લાનતા આપતા હતા. ઘણેજ દૂર ઉત્તર બાજુએ તુષારહાર મંડિત હિમાલયના ધવલગાત્રોપર ચંદ્રકિરણો પડીને ચમકતાં હતાં. આ દેખાવ ઘણોજ સુંદર દેખાતો હતો. આરામ બાગ માંહેના રાજમહાલયના પાદપ્રક્ષાલન કરતી એક ન્હાનકડી નદી વહેતી હતી. તેના નિર્મલ જલમાં ચંદ્રકિરણો પ્રતિબિંબીત થઇને તરલ રજતધારાઓ માફક ચમકતાં હતાં.

આ મોતીમહેલના દીપ પ્રકાશીત રંગમહેલમાં એક બારી પાસે ઉભી રહીને સેલિમા બેગમ સૃષ્ટિ સૌંદર્યનું અને રમ્ય વિભાવરીનું શાંત તથા ગંભીર, અપ્રતીમ સૌંદર્ય નિરખવામાં દિંગ બની હતી. બેગમનો કેશકલાપ છુટોજ હતો. તે ભ્રમર કેશરાશીનો કેટલોક ભાગ તેની પીઠ ઉપરની પીરોજી રંગની ઓઢણી ઉપર, અને કેટલોક ભાગ તેના સુંદર ગુલાબી ગાલ ઉપર ઝુલતો રહી, અત્યુતમ શોભા આપતો હતો. ચોમેર શાંતિનું પ્રબળ વ્યાપી રહ્યું હતું. તે સુરમ્ય સ્થાનમાં આ વખતે કોઇપણ જાતનો શબ્દ સંભળાતો નહતો. કેમકે એ પહાડ માંહેના આખો દિવસ કિલકિલાટ કરનારા ભૃંગરાજ અને બુલબુલ વગેરે ન્હાના મ્હોટા પક્ષીઓ આ વખતે નિદ્રાસુખનો અનુભવ લેતા હતા.

બાહ્ય કુદરતનું આ મનોરમ સૌદર્ય ઘણીવાર સુધી નિહાળીને એક દીર્ધ નિશ્વાસ મુકી સેલિમા બેગમ બોલી—"અહાહા ! કેવી રમણીય રાત્રી ? સ્ફટિક સરખી શુભ્ર ! રૂપેરી ચાંદની દૃષ્ટિગોચર થતાં આ અપ્રતિમ સૃષ્ટિ સૌંદર્યથી મારા હૃદયમાં આજે અનેક આશાઓ ઉત્પન્ન થઇ છે—થાય છે. પણ તે શા કામની ? તે પૂર્ણ શી રીતે થઇ શકે ? આ નિર્જન પહાડ પર કોઇ એકાદા બંદીવાનની માફક હું રહું છું ! પણ જેમનાપર મારી સર્વસ્વ આશાઓનો આધાર તે ક્યાં છે ? આવવાનું વચન આપીને આવતા નથી—દર્શન આપતા નથી. 'તારાપર પ્રાણથી પણ મારો વિશેષ પ્રેમ છે' આમ મોઢેથી કહેવાનું માત્ર ! પણ પ્રત્યક્ષ તો તેનો અનુભવ જણાતો નથી. આ મારા યૌવનભર–હૃદયમાં ઉદ્‌ભવતી પ્રબલ વાસનાઓ- અને

વેગતર મનોવૃત્તી તથા આકાંક્ષાની શાંતી શી રીતે થવાની ? પુષ્કળ દાસીયો, મુક્તામણી રત્નપ્રવાલ આદિ વૈભવોની સ્વામિની થઇને પાંજરામાં પુરાયેલ એક પંખીણી પ્રમાણે જીવન પુરૂં કરવામાં કિંચીત માત્ર પણ સુખ હોય છે શું ? પાષાણમાં કદી પુષ્પ પ્રગટેજ નહિ. દિલ્લીશ્વરનું હૃદય પાષાણ સમાન છે, કઠીણ છે ! તેમાં પ્રેમનું કોમળ પુષ્પ ક્યાંથીજ પ્રગટે ? હું સાર્વભૌમ બાદશાહની બેગમ—છતાંયે મારાથી આ દાસીઓ પણ લાખ દરજ્જે સુખી છે.''

એ પછી બેગમે બારીનાં દ્વાર બંધ કરી એક જબરો નિશ્વાસ નાંખતી તે ધીમે પગલે સુકોમલ શૈયા ઉપર આવી બેઠી.

આજે સાત દિવસ થયા શાહાજહાન બાદશાહ શીકાર કરવા દૂરના જંગલમાં ગયો હતો. તેના તરફથી અદ્યાપી સુધી કાંઇપણ ખબર આવ્યા ન હતા. ' આજ સાંજે હું જરૂર પાછો આવીશ. ' આવી રીતે બેગમને આશ્વાસન આપી તે ગયો હતો. પણ તે પ્રમાણે એ પાછો આવેલ ન હતો. એક દિવસ ગયો—બીજો દિવસ ગયો—ત્રીજો ઉગ્યો. સેલીમાયે પોતાના પ્રિયતમની અધિરાઇથી અત્યંત રાહ જોયા કિધી. એક અઠવાડીયું વીત્યા છતાં શાહાજહાન શિકારેથી પાછો ફર્યો ન હતો.

સેલિમા બેગમના રંગ મહેલમાં વિધ વિધ પ્રકારના સૌગંધિક દીપો પ્રજ્વલતા હતા. ચોમેર સુંદર રંગીત દિવાલો પર ચિત્રકારની કૌશલ્યની અનવધિ પ્રદર્શિત કરતી વેલપત્તી કાઢેલી જોઇ, તે ખરીજ તરૂલતાઓ છે કે શું ? એમ પ્રેક્ષકને જણાતું. ચારે બાજુએ મોટા શુભ્ર બિલોરી કાચના અરિસાઓ ટાંગેલા હતા. અરિસાઓની ચોતરફ નાગકેશર અને ચંમેલીના પુષ્પોની અતુલ્ય કૌશલ્ય વડે ગુંથેલી માળાઓ લટકતી હતી. તેનો સંમીશ્ર થએલ તીવ્ર ગંધ મહાલયમાં પ્રસરી રહ્યો હતો. સેલિમા સુંદરીનાં પદચિન્હ ધારણ કરવા માટે નીચે સુંદર ચિત્રમય ગલીચાઓ બિછાવેલા હતા. દિવાલો પર સ્થળે સ્થળે, સ્ફાટિકની ખીંટીયોપર તેલિયારંગની સુંદર તસબીરો ટાંગેલી હતી. તે ઉપર એ સ્ફાટિક પ્રભાના ચંચલ પ્રકાશનું પ્રતિબિંબ પડતાં તેની ઉજ્વલ વર્ણમય શોભામાં ઓર ઉમેરો થતો હતો. જેથી ચિત્રપટ માંહેની ચિત્રીત મૂર્તિઓ સજીવ છે કે શું ? એમ સંશય ઉત્પન્ન થતો હતો. સેલિમા સુંદરી એક સુંદર કોચ ઉપર બેઠી હતી. આ વખતે તેની મુલાયમ તબીયતથી સુક્ષ્મ વસ્ત્ર ભાર પણ સહન થઇ શકતો ન હતો. આથી ઝીણું વસ્ત્ર તેણે ક્રોધથી ગલિચા ઉપર નીચે ફેંક્યું. પીરોજીરંગની તદન ઝીણી મોતીયોથી

પૂરીત ઓઢણી પણ સેલિમાયે તેટલાજ ક્રોધથી ફેંકી દીધી. જે એ ઉજ્વલ પ્રકાશમાં વધારે ચમકવા લાગી. તેને જોઇ વિરક્ત સ્વરે સેલિમા બોલી– "શું કરવું? કાંઇજ ગમતું નથી."

બેગમસાહેબની હુકમની રાહ જોતી એક દાસી પાસેજ ઉભી હતી, તેને સેલિમાયે કહ્યું–"બાજુના હોલમાં નવો બીન આણેલ છે, તે લઇ આવ."

દાસીયે બીન આણી આપ્યો. પણ તેના તાર સેલીમાને મેળવતાં આવડયા નહીં. તે રમણીના બીંબફળનેય લજ્જા પમાડતા અધર ઉપર મધુર સ્મિતની છટા છવાઇ. તે પોતા સાથેજ કહેવા લાગી–"આ બીન પણ મુવો નરજાતીનોજ કે નહિ? તેમના જેવોજ આયે કઠોર હૃદયનો નહિ તો બીજું શું?"

થોડા દિવસ પહેલાં સાકી નામની એક નવી દાસી બેગમસાહેબની તહેનાતમાં આવી હતી. સેલીમાયે તે પાસેની દાસીને કહ્યું–" જા. એ નવી દાસીને બોલાવી લાવ જોઉં. તે સારૂ ગઇ જાણે છે."

સાકી આ વખતે પોતાની ખોલીમાં હતી. બેગમસાહેબ બોલાવે છે એવું સાંભળવા બરાબર તે દોડતી આવી. સાકીનો ચહેરો ખરેજ સુંદર હતો. પણ તેના મુખપરની પ્રત્યેક રેખામાં દુર્દ્દષ્ટ ચિંતા અને દુઃખનાં ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતાં. તેને હમેશાં એકાંતવાસમાંજ રહેવું વધારે પ્રિય હતું. અંતઃપુરમાંહેની બીજી દાસીયો સાથે તે વધારે ભળતી નહિ. અને તેમના સાથે વધારે બોલતી પણ નહતી. બેગમને તેની જરૂર પડતી ત્યારે તે વિના વિલંબે હાજર થતી. એક દિવસે સાકી પોતાની ખોલીમાં એકલીજ ગાતી બેઠી હતી, ત્યારે સેલિમા તે ખોલી પાસેથી પસાર થઇ. સાકીનું તે મનોહર ગાયન સાંભળીને બેગમ તેના એ ગુણ ઉપર મોહિત થઇ. અને તેનાપર ત્યારથી વિશેષ પ્રેમ કરવા લાગી. સાકીને બેગમ હમેશાં પોતા પાસે બેસવા કહેતી. પણ બેગમ પાસે એકલાં રહેવું સાકીને ગમતું નહિ.

સાકી ફક્ત ગાયનમાંજ નિપુણ હતી એમ નહીં. બીન–સતાર વિગેરે તંતુવાદ્ય બજાવવામાં પણ તે પારંગત હતી. મોરલી બજાવવામાં તો તે બહુજ પ્રવીણ હતી. અંતઃપુરમાં દાસત્વ કરવું એટલે આવી કલાઓ અવશ્ય આવવીજ જોઇએ. એક વખતે ચાંદની રાત્રીમાં ઉપવનમાંહેના નિ-

સ્તબ્ધ લતાકુંજમાં સાકી અને સેલિમાબેગમ બેઠાં હતાં, તે વખતે સાકીનો મધુર મોરલી નાદ સાંભળી બેગમ દેહભાન પણ ભુલી ગઈ હતી! અને તે દિવસથી સાકીદાસી સાથે બેગમે સહિયર પ્રમાણે વર્તન રાખ્યું હતું.

સાકી આવીને બેગમ પાસે બેઠી એટલે બેગમ બોલી–પ્રિય સાકી! આ વખતે તું બીન બજાવીશ કે મોરલી? મને તો જરાયે કાંઇ ગમતું નથી!"

સાકી જરા ઉદાસીનતા બતાવતી બોલી–"જેમ બેગમસાહેબની મરજી હશે તેમ કરીશ."

"સાકી! આટલા દિવસથી તું અહિંયાં છે, પણ કોઈ દિવસ તારા ચહેરા ઊપર હાસ્ય તો મારા જોવામાં આવ્યુંજ નથી! સદાયે ઉદાસી ને ઉદાસી જ એ તે શું?" સેલીમાબેગમે હસતાં હસતાં પુછયું.

"દાસીયોને વળી હાસ્યવિનોદ શા બેગમસાહેબ?" સાકીએ પોતાના ઉદ્યાગને છાજતો ઉત્તર વાળ્યો.

એ સાંભળી સેલિમા દુઃખીત સ્વરે બોલી–"સાકી! હું તને બીજી દાસીયો સરખી ગણું છું કે? કહે જોઉ?"

"ના સાહેબ–એમ કેમ હું કહું? મારાપર આપની ખાસ મહેરબાની છે."

"તો પછી આમ તું ઉદાસ કેમ રહે છે?"

"ત્યારે આપ કેમ સદા દુઃખીત દેખાઓ છો?"

"ગાંડીરે ગાંડી! હું કાંઇ તારા સરખી અહોનિશ ફીકરમાં ને ફિકરમાં નથી હોતી. હાલમાં ઘણા દિવસ થયા બાદશાહ સલામતનાં દર્શન થયાં નથી. એટલે તને કદાચ મારા ચહેરા ઊપર ઉદાસીનતા દેખાતી હશે–પણ તારી માફક કાયમની ઉદાસી તો નથી જણાતી?"

સાકી મનમાંને મનમાં કાંઇ વિચાર કરતી હતી. તે થોડા વખત પછી બોલી–"બેગમસાહેબ! કોઇ વસ્તુ મેળવવાની પ્રબળ ઇચ્છા હોય, અને તે પ્રાપ્ત ન થાય એટલે કલેશ થાય–એ આપથી કાંઇ અજાણ નથી. શહેનશાહતના દર્શનની આપને પ્રબળ ઇચ્છા છે, પણ તે લાભ આપને થતો નથી. તેથી આપ આવી રીતે દિલગીર થયાં છો. તેજ પ્રમાણે મને પણ એક વસ્તુની પ્રબળ ઇચ્છા હોઇને, તે મને પ્રાપ્ત થતી નથી એટલે હું સદા દુઃખી હોઉં છું."

પ્રેમથી હાસ્ય કરતી સેલિમાબેગમ બોલી–"તો પછી તારો કોઇનાપર પ્રેમ બંધાયો હોવો જોઇએ. કોની સાથે બંધાયો છે? મને કહે તો ખરી!

મને ખબર પડે એટલે તેની સાથે તારાં લગ્ન કરી દઉ. ”

સાકીના કપોલપર પ્રશ્વેદબિંદુ ચમકવા લાગ્યાં. મુખમંડલ રક્તવર્ણુ બન્યું—કોમળ સ્વરે તે બોલી—“ બેગમસાહેબ સાથેજ મારો પ્રેમ જોડાયોછે. ”

બાદશાહ શિકાર કરવા ગયા, ત્યારથી સેલિમાબેગમ હમેશાં દિલગીરી-માં રહેતી. પણ આજે કૃષ્ણમેઘમાં ઉજ્જ્વલ સૌદામિની ચમકે તેમ, સાકીનું ઉપરોક્ત બોલવું સાંભળી સેલિમાનું મ્લાનવદન હાસ્યયુક્ત જણાયુ. તેને ધકેલી સેલીમા બોલી—‘ જા જા—ગાંડી ! હુંતો બાદશાહની બેગમ, મારાપર તારી પ્રીતી બંધાઇ ! ”

સાકી ત્યાંથી ઉઠી જવા લાગી. પણ તુરત સેલિમાએ તેનો હાથ પકડી પાછી બેસારી. થોડીવારે તેણે સાકીને કહ્યું—“ સાકી ! જવા દે એ વાતો—પણ તું તારી એ મોરલી લઈ આવ—આજે આ મહેલમાં બહુ બફારો થાય છે. એટલે આ બધી બારીયો ઉઘાડ જોઉં ! સઘળા દીવાઓ ઓલવી નાંખ, અને ચંદ્રપ્રકાશ અંદર આવવા દે. આ પુષ્પમાલાઓ મારી શૈયાપર બિછાવ—શહેનશાહ તો આવતા નથી. પણ મારા હૃદયનો વિરહાગ્ની આવા ઉપચારથી તો શાંત કરૂં ! તું પડખે બેસીને બંસરીથી એકાદું સંગીત ગા. તે સાંભળીને તો ઘડીભર મારી ચિંતા હું ભુલી જઇશ ! ”

સાકી ઉઠીને ઉભી થઈ. બેગમે તેને કહ્યું—“ સાકી ! આજે તો તરશ બહુ લાગી છે. માટે એક પ્યાલો સિરા —”

દાસીયે સુગંધી સીરાજીનો એક સુવર્ણ પ્યાલો ભરી લાવી આપ્યો. અને બેગમે તે મોઢે માંડયો. તે પીતાં પીતાં કહ્યું—“ આ ઉપર તો ફીણ વળે છે. સીરાજી બહુ ગરમ હોય છે, માટે તેમાં તેં ગુલાબજળ ભેળવ્યું છે કે ? ”

“ જી હા. ” સાકીયે કહ્યું.

“ ઠીક. આપ તો. પણ એમાં થોડું ઇસ્તંબુલ તો મિલાવ. ”

એક સુવર્ણ પ્યાલો લઇ સાકી બીજી ઓલીમાં ગઇ. તેણે એ સિરા-જીમાં ઇસ્તંબુલ મિશ્રણ કરી બીજું પણ કાંઇ મિલાવ્યું. અને પછી તે મ-દિરાપાત્ર લાવી બેગમ આગળ ધર્યું.

બેગમે પ્યાયો હાથમાં લીધો. સુવર્ણપાત્ર માંહેની ચમકતી સિરાજી દીવાના પ્રકાશમાં તો વધારેજ ચમકવા લાગી. તે સઘળી સિરાજી પીઇને સેલિમા સુંદરીયે તે પ્યાલો પાસેના ટેબલ ઉપર મુકયો. ત્યાંથી તે હજી

પડીને એક પુષ્પપાત્રને અથડાયો. તે સાથે એ પાત્રના ચુરેચુરા થઇ ગયા. અને તે માંહેનાં પુષ્પ વેરાઇ ગયાં.

પાસેની એક મખમલની અતુલ શૈયાપર સુકોમલ રૂપસુંદરી, રમણી-શિરોરત્ન સેલિમા મદિરાના અમલથી તુંદ બની પડી હતી. સાકી મોરલી બજાવતી મધુરકંઠે લલકારવા લાગી કે—

" દુખુયા મે કૈસે કહું મેરે સજની ! ૦ "

પુષ્પ ૨ જું.

ગુપ્ત રહસ્યનો સ્ફોટ.

પ્રેમમત્ત પ્રણયોર્મિમાં,
ગણે નહીં દિન-રાત—
કષ્ટ સહી ધાર્યું કરે,
ભલે થાય પછિ ઘાત !—૨

ઘણીવાર સુધી સાકીનું મોરલીમાં સંગીત ચાલ્યું હતું. વચમાં વચમાંથી તે સંગીતના સુરો તે મોરલીમાં બજાવતી અને કેટલીકવાર પોતાના સુકંઠવડે તે ગાતી કે—

" દુખુયા મે કૈસે કહું મેરે સજની ! ૦ "

બંસરી બજાવતી વખતે તે નિદ્રીત સુંદરીના મુખકમલ તરફ સાકીની દૃષ્ટી ચોટી રહેતી. કેટલીકવારે તે પુરૂં ગાયન ગાઇ રહ્યા પછી બેઠી હતી તે જગા ઉપરથી ઉઠી. હળવે હળવે સેલિમાની શૈયા પાસે ગઇ. ત્યાં હળવેથી તેની બાજુમાં બેઠી. મદિરાના અમલથી સેલિમાના કપોલ પ્રદેશમાં લોહી ચડીને વધારેજ રતાશ પ્રસરી હતી. તાંબુલ ચર્વણથી લાલ થયેલ તેના ઓષ્ટદ્વય કિંચિત્ કિંચિંત્ સ્ફુરણ પામતા હતા. જે પ્રમાણે પવનના મંદ લ્હેરકાથી વલ્લરી કંપીત થાય છે, તેમ સેલિમાનો છાતી-પ્રદેશ ઉંચો નીચો થતો હતો. તેના નિશ્વાસ સાથે સુરાનો ગંધ પ્રસરતો હતો. કેશ-ભાગની મર્યાદાપર તેમજ ભાલ પ્રદેશ ઉપર ઝીણા ઝીણા મૌક્તિક પ્રમાણે ઘર્મબિંદુઓ ચમકતા હતા.

સાકીયે પ્રથમ પોતાના કપડાથી તેનાં પ્રસ્વેદબિંદુઓ લુંછી કહાડયાં. પ્રસીનો લુંછતાં તેનો હાથ કંપ્યા કરતો હતો. પછી શૈયા પરથી નીચે ઉતરી તે દુર જઇને ઉભી રહી. તેના નેત્રમાં જ્વાલા પ્રગટી હતી, હૃદય કંપીત થતું હતું. અને કંઠ શુષ્ક–કોરો થયો હતો.

તે એકાંત મહાલયમાં સાકી ઘણીવાર સુધી ઉભી રહીને વિચાર કરતી હતી. ઘણો વખત થયો. તોપણ તે તેમજ ઉભી હતી. કેટલીકવારે પાછી તે સેલિમાની શૈયાપર આવી બેઠી. પછી હળવેથી સેલિમાના મુખનુ તેણે એક ચુંબન લીધું. એ વખતે તેનું હૃદય ભીતીથી કંપતું હતું. દેહ યષ્ટી ગલિત થયા સરખી જણાતી હતી. અને તેની પ્રત્યેક નસેનસમાં વિજળીના આંચકા બેસતા હતા.

સાકી બેઠી હતી તેની સામેજ એક મોટો આરિસો હતો. અને એ વખતે બેગમના મહેલમાં પૂર્ણ દિપ પ્રકાશ હતો. સાકીએ ડોક ઉંચી કરી જોયું, ત્યાં તેને સામેના નિષ્કલંક, સુગંધી પુષ્પ માલિકાઓથી વિભુષીત અરીસામાં–ઉંચો, ભવ્ય, વિશાલ ભાલ, સુંદર દાઢી વિભૂષીત એવા એક પુરૂષની છાયા જણાઇ. જેમ કોઇ નજરે પડેલા સર્પથી તેની ભીતીને લીધે માનવીની જેવી સ્થિતી થાય, તેજ સ્થિતી આ વખતે સાકીની થઇ.

તે પ્રતિબિંબત મૂર્તિ તરફ ફરી જોવાની તેનાથી હિંમત થઇ શકતી ન હતી. જે પુરૂષ બોલીમાં ઉભો હતો, તેણે આ બધી હકીકત જાણી હોવી જોઇએ. અને તે પુરૂષ બીજો કોઇ નહિ, પણ પોતે શાહાજહાન બાદશાહજ હતો; બીજાનો રંગ મહેલમાં પ્રવેશજ શાનો થાય ? વીગેરે ભીતીપ્રદ વિચારો સાકીના મનમાં એક પછવાડે એક આવવા લાગ્યા. તેણે હિંમત કરી ફરી એકવાર તે અરીસા તરફ જોયું. તે પ્રતિબિંબત મૂર્તિ હજુપણ જેમની તેમ ઉભી હતી. તે બાદશાહ શિવાય અન્ય કોઇજ નહિ એમ સાકીને હવે ચોક્કસ ખાત્રી થઇ. બાજુની દિવાલ ઉપર પણ બાદશાહની તસબીર ટાંગેલી હતી, તે તરફ સાકીયે જોયું. અને તેનું શરીર થરથર ધ્રુજવા લાગ્યું. તેની સર્વસ્વ જીવન આશા નષ્ટ થઇ !

બેગમ સુતેલ છે, અને દાસી તેનું ચુંબન લે છે, આ અદ્‌ભુત બનાવ જોઇ શાહાજહાનથી હસવું દાબી શકાતું ન હતું. તેને લાગ્યું કે સેલિમા રાજરાજેશ્વરી, તેનું અનુપમેય લાવણ્ય જોઇને તેના સૌંદર્ય ઉપર શું સ્ત્રીઓ પણ મોહિત થતી હશે ? આ નવી દાસીને બાદશાહે આ પહેલાં કોઈ વાર

જોયેલ ન હતી. તેણે આગળ આવી પુછ્યું-કોણ છે તું ? આટલી મોડી રાત્રે બેગમ પાસે બેસી શું કરતી હતી ?"

સાકી શું જવાબ આપી શકવાની હતી ? આ વખતે "સબસે બડી ચુપ.' એજ તત્વનું તેણે અવલંબન કર્યું.

દાસીયે કાંઇ ઉત્તર આપ્યો નહિ એ જોઈ બાદશાહને બહુજ અચંબો થયો. આ દાસી ગાંડી તો નથી ? એમ તેને શંકા થઇ. જરા ઉચ્ચ સ્વરે તેણે ફરી પ્રશ્ન કર્યો-" દાસી ! બોલતી કેમ નથી ? તું કોણ ને સ્પષ્ટ કહી દે અને અહિં શું કરતી હતી ? તે બોલ."

" અને હું કોણ છું તે ન કહું તો જહાંપનાહ શું ? " સાકી બોલી.

દાસીની ઉદ્ધતાઇ જોઇ બાદશાહ સ્તબ્ધજ બન્યો. તરતજ કમર પર લટકતી તરવાર સર કરતી મ્યાન બહાર નિકળી. ઉજ્વલ પ્રકાશમાં તે ચમકવા લાગી પણ બીજીજ ક્ષણે શાહાજહાને તે પાછી મ્યાન કરી. અને કઠોર સ્વરે પુછ્યું-" શું કરૂં સ્ત્રીના લોહીથી મારી તરવારને ભીંજાવી કલકિત કરવા હું નથી ઇચ્છતો. તારી આ ઉદ્ધતાઇ માટે હમણાંજ પહેરેગીરને બોલાવી, તારાં કપડાં ઉતરાવી ઉઘાડી પીઠ પર નેતરની સોટીયો વડે ફટકાવી કાઢું છું."

અત્યાર સુધી સાકીના હૃદયમાં પોતાની જીવન-આશાનો અંકુર થોડો પણ જણાતો હતો. તે બાદશાહનું આરક્ત મુખમંડલ જોઈ નષ્ટ થયો. તે કંપીત સ્વરથી બોલી-"જહાંપના ! સ્ત્રીના લોહીથી આપની તરતાર ખરડાશે નહિ-કલંકિત થશે નહિ. ખુશીથી ઘા કરો, હું સ્ત્રી નથી પણ પુરૂષજ છું."

પુરૂષ શબ્દ સાંભળી બાદશાહની આંખો તપ્ત લોહ પ્રમાણે લાલચુદ થઇ તરવારને ફરી મ્યાન બહાર કાઢી, પણ આ વખતે એ તેણે આત્મસં-યમનવડે તરનાર પાછી મ્યાન કરી. અને ક્રોધીત સ્વરે બોલ્યો-'શું પુરૂષ ? અને તે રંગમહેલમાં ? તરવારથી મરણ આવે તે બહુજ સુખનું અને વળી તે પણ વીરનરના હાથથી ! માટે તેમ નહિજ. એવી દયાને તું પાત્ર નથી. ભુખ્યા ડાંસ જેવા ડાઘા કુતરાઓથી ચુંથાવી-ફડાવીને તારો પ્રાણ નાશ કરવો એજ શિક્ષા તને યોગ્ય છે."

સાકી ઉભી હતી. બાદશાહના એ શબ્દ સાંભળી કોઇ ઝાડ પર વિજળી પડે અને તે કડકડતું ભૂમી પર શયન કરે, તેમ તે બાદશાહના પગ પાસે ઢળી પડી.

આ વખતે સેલિમા સુંદરી સુખ-નિદ્રામાં નિમગ્ન હતી તેના તરફ બાદશાહ ક્રોધિત દૃષ્ટિથી જોવા લાગ્યો. એ જોઇ સાકીના હૃદયમાં બહુ ધાસ્કો બેઠો. સાકી તુરત ઉઠીને ઉભી થઇ અને સ્થિર દૃષ્ટિવડે બાદશાહ તરફ ટગર ટગર જોતી બોલી-" શહેનશાહ! હુકમ થશે તો મારી સમગ્ર જીવન કથા આપને કહીશ. "

શાહાજહાન પ્રથમ પ્રમાણે કઠોર સ્વરથી બોલ્યો:—" કહે પણ અમે તેમ હશે તોપણ તને કરેલ દેહાંત શિક્ષાનો હુકમ હું જરાપણ ફેરવીશ નહિ એ ચોકસ ધ્યાનમાં રાખજે. "

સાકી ધીમે ધીમે કહેવા લાગી-" જહાંપનાહ! જે સેલિમાબેગમ આપની હૃદયેશ્વરી થઇ બેઠી છે તેણીનાપર બચપણથી મારા પ્રાણ કરતાંએ પણ અધિક ચાહના છે. તેના બાપે મને આશ્વાસન આપીને મારૂં લાલન પાલન કર્યું છે. તેના બાપે મને આશ્રય આપેલ. તેની મા જીવતી હત તો સેલિમા મારી જરૂર પ્રાણેશ્વરી-હૃદયેશ્વરી બનત! પણ હાય દૈવ! શહેનશાહ! આજ પાંચ વરસ થયાં તે અંતઃપુરવાસિની થયેલી છે દરમ્યાન એકવાર પણ તેના મુખારવિંદનાં દર્શન થાય તો સારૂં એમ મારી અત્યંત ઇચ્છા હતી, પણ એકેવાર તે લાભ મને મળ્યો નહિ. જેથી ના ઇલાજે આ સ્ત્રીવેષ ધારણ કરી આપના અંતઃપુરમાં મે પ્રવેશ કર્યો. નિર્દોષ સેલિમાયે મને બિલકુલ ઓળખ્યો નથી. મને તે ખરેખરીજ સ્ત્રી સમજતી હતી. દીવસના ભાગમાં તેની પાસે આવવાનું હરપ્રયત્ને હું ટાલતો અને કદાચ આવતો તો બુરખો લઇ આવતો. કેમકે કદાચ તે ઓળખી જવાની મને બીતી લાગતી. સેલીમાની બાળપણમાં મારાપર અત્યંત પ્રીતિ હતી. તેની સાથે લગ્ન કરી આખી જીંદગી સુખ ચેનમાં કાઢીશ, આ ભૂતલ ઉપર જ આનંદવન નિપજાવીશ, એ આશાથી-એ કલ્પના મોહથી હું દીવસ ગુજારતો હતો. ત્યાં આપે મારી સામટી આશાની ધુળધાણી કરી, ભુખ્યાના મોઢામાંહેનો ગ્રાસ કાઢી લીધો! મારા અભાગીના સૌખ્યમાં ઝેર કાલવ્યું. જહાંપનાહ! આજ સુધી મારા હૃદયમાંહેની એ ચિંતા મેં દાબી રાખી હતી. પણ આજે આ શુભ્ર ખિલેલી રૂપેરી ચાંદની, આ સુગંધી પુષ્પમાલાઓ, મદીરાપાનથી આવેલ ઉમંગ, અને એ સઘળામાં વિશેષતઃ આ એકાંતમાં મળેલ ઉત્તમ વખત, એ બધી બાબતોથી મારા નિશ્ચયનો ભંગ થતાં મનોવૃત્તી બેફામ બની. સિરાજીમાં એક વધારે કેરી દવા ભેળવી, મે સેલિમાને અચેતન બનાવી. કેવળ મારાજ મૃત્યુની વાત હોત, તો આ બધી લંબાણ કર્મકથા હું આપને કદી ન સંભળાવત. પણ કદાચ આપ આ નિષ્કલંક સેલિમાસુંદરી

ઉપર શક આણુશો, માટેજ આ હકીકત મારે આપને જણાવવી પડી છે. થોડાજ વખતમાં મારો અમર આત્મા પરમાત્માના દરબારમાં વિલીન થશે. તો પરમાત્માની સાક્ષીએ કહું છું, કે આ ઘડી સેલિમાના સતિત્વ ધર્મનો મે બિલકુલ ભંગ કર્યો કે કરાવ્યો નથી. પવિત્ર સેલિમાના સંબંધમાં આપને આવેલ વ્હેમ જો ટાળવા હું શક્તિમાન થઇશ, તો પછી ગમે તેવા ભયંકર બીકટ રસ્તે મને મરણુ આવે—તોપણુ મારા આત્માને પરલોકમાં શાંતિજ પ્રાપ્તજ થશે.

બાદશાહે સ્થિર ચિત્તવડે બધી હકીકત સાંભળી સેલિમાના શરીર અને મનની નિષ્કલંકતા માટે બાદશાહને ખાત્રી થાય છે કે નહિ? એ જોવા માટે તે સાક્ષીરૂપ મરદ શાહાજહાનના ચહેરા તરફ ઝીણી નજરે જોતો હતો, પણુ તે શાહાજહાનનો કોઇપણુ પ્રકારનો નિશ્ચય કળી શકયો નહિ. તે વીરનર સ્તબ્ધજ હતો. બાદશાહે ક્રોધયુક્ત સ્વરે “માહુમ” એમ સાદ કર્યો.

કાંઈ પ્રત્યુત્તર મળ્યો નહિ. પણુ એક કાળી કબીન્ન સીદણુ દોડતી આવી. એક શબ્દ પણુ ન બોલતાં નીચું જોઇ હાથ જોડી ઉભી રહી. બાદશાહે કહ્યું—“માહુમ! આ હતભાગીને ભોંયરા માંહે કેદમાં લઇ જઇ પુરી મુક. અને જરા પણુ એને પાણી કે અનાજ આપવાનું નથી. ભુખ અને તરસથી એના પ્રાણુ જાય એજ એને શીક્ષા આપી છે.”

મોગલ બાદશાહોના અંતઃપુરમાં આવી બાબતો તો ઘણી વખત થતી એટલે જરાપણુ માહુમે ન અચકતાં બાદશાહે ફરમાવેલ શીક્ષાનો હુકમ અમલમાં આણ્યો. તે મરદની માફક પ્રબળ અને જોરદાર એવા પોતાના હાથોથી તે ગુન્હેગારને ખેંચીને ભોયરા તરફ લઇ ચાલી. જતાં જતાં તેણે પુછ્યું—“ ઓ કમનસીબ યુવાન ! સીંહના બેણુમાં મરવા માટે શા સારૂ આવ્યો હતો ? તારૂં નામ શું ? ”

એ અપરાધી બોલ્યો—“મારૂં નામ મહારૂણુ ! ”

તે સીદણે એક હાથે મહારૂણુને પકડી, બીજા હાથે એક ન્હાનકડી ઓરડીનું કમાડ ઉઘાડયું. એ ઓરડીમાં ભયંકર અંધારૂં હતું. માહુમ બોલી—“ચાલ અંદર જા.”

પ્રત્યક્ષ મૃત્યુના મુખમાં ગયા પ્રમાણે મહારૂણુના પગ કંપવા લાગ્યા. અને જીવનની આશાયે, તે અંદર દાખલ થવામાં આનાકાની કરવા લાગ્યો. જરા વિલંબ થતો જોવા બરાબર તે માહુમ રાક્ષસીએ તેને એક તરખલા પ્રમાણે ઉચકીને અંદર ફેંકી દીધો. અને દરવાજો બંધ કરી ચાલી ગઇ.

પુષ્પ ૩ જું.

સંદેશો.

સદ્વર્તન કલુષિત બને, લોકાચાર વિરૂદ્ધ-
વ્હેમ પ્રગટતાં હૃદયમાં,ભુલે બધી શુધબુધ. ૩

મળસકું થયું. એ પહાડમાંહેના હજારો ન્હાના મ્હોટા પંખીઓએ પોતપોતાના મધુર કલવરથી દશ દિશાઓ વ્યાપ્ત કરી હતી. પક્ષીઓના તે મધુર શબ્દોથી અને ઉષઃકાલીન શીતલ વાયુથી તેના મોહપ્રદ સ્પર્શથી સેલિમા જાગૃત થઇ. તેણે નેત્ર ઉઘાડી જોયું, તો પોતે પોતાના મહેલમાં સુસજ્જીત પલંગ ઊપર સુખશૈયામાં સુતી છે, એવું તેને લાગ્યું. ગઇ રાત્રે સુતા પહેલાં જે જે બનાવ બન્યા હતા, તે સઘળા તેને એક પછી એક સાંભરવા લાગ્યા. પણ તેનું માથુ માત્ર ભારે અને ઝન્ય-વત થયું હતું. ચિત્ત પણ અસ્થિર હતું. શું થાય છે? તે માત્ર તે જાણી શકતી નહતી. સેલીમા સ્વગત બોલી-"સાકીની સીરાજી બહુજ તીક્ષ્ણ હતી હો!"

એક ઉઘાડી બારીમાંથી સેલિમાયે એક વાર આકાશ તરફ દૃષ્ટી કરી. વિશાલનીલ આકાશના એક ભાગમાં કેટલાક ન્હાનકડા મેઘમંડળો જામ્યા હતાં. પણ નિર્દય વાયુએ તે મેઘના કકડેકકડા કરી વિખેરી નાખ્યા. નભો-મંડલમાં કૃષ્ણબિંદુઓ પ્રમાણે દેખાનારા બેચાર જંગલી પક્ષીયો ઉડાઉડ કરી રહ્યા હતા. મધુર બાલાર્કના કોમલ કિરણો મેઘમંડલ ઊપર જાણે ઝીણી ઝીણી સુવર્ણવૃષ્ટીજ વરસાવતા હોય એમ દેખાતા હતા. ટુંકામાં સૃષ્ટિ સુંદરી આ પ્રભાતકાળે હાસ્યમય ઉત્સાહપૂર્ણ દૃષ્ટીગોચર થતી હતી. પણ સેલિમાના હૃદયમાં ભયાનક ઉદાસીનતાની કૃષ્ણ છાયા જણાતી હતી. સેલિમાયે શય્યા પર પડયા પડયાજ હાક મારી કહ્યું-"સાકી! એક પ્યાલો પાણી લાવ જોઉ!"

સાકી આવી નહિ. કોઇએ જવાબ પણ આપ્યો નહિ. સેલિમા અસ્ફુટ શબ્દથી પોતા સાથેજ બબડી-"મુઇ આ બધી દાસીયો ગઇ ક્યાં?"

સેલીમા જાગી ત્યારથી તેને બહુજ ગ્લાની થતી હતી. ભમલ થએલી તે ઉઠી અને સ્નાન મંદિરમાં ગઇ. ત્યાં મુખમાર્જન સ્નાનાદિ આ-

ટોપી સેલિમાયે કપડાં બદલાવ્યાં અને પોતાનો ચહેરો જોવા માટે તે પાસે-નાજ એક અરિસામાં જોવા લાગી. ત્યાં તેને જણાયું કે હમેશનો પોતાનો ખુબસુરત ચહેરો આજે મ્લાન છે અને આંખો ઉંડી ગએલી છે. જેથી તે પોતાના મન સાથે વિચારવા લાગી–" જરૂર કાલની સીરાજી તેવી તીક્ષ્ણ હતી, ચાલ હવે જરા બગીચામાં હરૂં ફરૂં એટલે મનને શાંતિ થાય."

સેલિમા પડદો ઉપાડી બહાર આવી, ત્યાં એક હબસણ ઉઘાડી તરવારે પહેરો ભરતી હોવાનું તેના જોવામાં આવ્યું; બેગમને જોઇ દાસીયે અદબથી સલામ ભરી.

"તું અહીં કેમ આવી?" સેલિમાયે પુછ્યું.

"શહેનશાહના હુકમથી. બેગમસાહેબ!"

"શહેનશાહ સવારી ક્યારે આવી?"

"ઘણો વખત થયો. ગઇ રાત્રે બે પહોર રાત્રી પછી."

"ગઇ રાત્રે? ત્યારે મને કેમ ન બોલાવી?"

"તે હું શું જાણું બેગમ સરકાર! તેની તેમને ખબર."

સેલિમા અભિમાની હતી. તેને એથી ઘણો ખેદ થયો. પોતે આંખમાં તેલ આંજી જેની વરસાદ માફક વાટ જોતી હતી, તે પોતાના પ્રાણવલ્લભ આવે, અને તેમને પોતાનું એકે વાર સ્મરણ પણ ન થાય! એથી તેને બહુ દુઃખ લાગ્યું. પણ તેણે પોતાનું તે દુઃખ મનનું મનમાંજ દાબ્યું. તેણે વિચાર કર્યો કે કેવળ સૌંદર્ય સંબંધનાજ જેમનો સ્વાર્થી પણ વ્ય-વહાર હોય, તે સ્વર્ગીય પ્રેમની કિંમત શું જાણી શકે? માટે આ મારો મનઃસંતાપ વ્યર્થ છે. થોડીવારે સેલિમાયે પુછ્યું–" શહેનશાહ ક્યાં છે?"

"અહીં નથી. જીન્નતમહેલમાં જીન્નત બેગમસાહેબને ત્યાં ગયા છે."

"ઠીક ઠીક. ત્યારે જીન્નત બેગમસાહેબનાં નશીબ ઉઘડયાં. ત્યારે બીજું શું?"

આ વખતે સેલિમાયે રાએલ શાંતિનો ભંગ થયો. તેના મનમાંના કલેશાગ્નિયે પાછો દાહ શરૂ કીધો. અને તે ઘણાજ પ્રબળ વેગથી તેના ર્દયને પ્રજાળવા લાગ્યો. તે બોલી–" મારી દાસી ક્યાં ગઇ?"

"કઇ દાસી? કહો બાનુસાહેબ. એટલે હું બોલાવી લાવું."

"કઇ કેમ? નવી દાસી–સાકી."

દાસી સેલીમા ન જુએ તેમ હસી, પોતા સાથેજ બબડી–" સાકી ઉપર બેગમસાહેબની સારીપેઠ પ્રીતી લાગે છે ને શું ?" પછી તે સેલીમાને ઉદ્દેશીને બોલી–" તેતો હાલ જેલમાં છે."

સેલિમા બહુજ આશ્ચર્યચકિત થઇ બોલી–' શું જેલમાં ? શું તું ગાંડી તો નથી થઇને ? તેને જેલમાં કોણે મોકલાવી ?"

" શહેનશાહ શહાજનબાદશાહ સલામતે જાતેજ."

" શું તેમણે પોતે ?"

" જી, હા. બેગમસાહેબ."

" શા અપરાધ માટે તેને જેલમાં મોકલાવી છે ?"

દાસી મોઢું છુપાવી હસતાં સ્વગત બોલી–" વાહ ! જાણે કાંઇજ ખબર નથી ! ઠીક ઢોંગ કરતાં આવડે છે." પછી તે મોટેથી બોલી–" તેના ગુનાહની મને ખબર નથી બેગમસાહેબ."

સેલીમા બોલી–" જેલની ઓરડીની ચાવી લાવી આપ-તેને હુંજ છોડી મુકું. મેં પોતે છોડેલ છે એમ જાણવાથી શહેનશાહ કોઇને વઢશે નહીં."

તે હબસણ મનમાં બોલી–" મેં ઘણો અનુભવ લીધો છે. પણ આવી રાણી તો મે નહતી દીઠી." પછી તેણે બેગમને કહ્યું–" બેગમસાહેબ ! દાસીનો અપરાધ માફ કરશો. પણ બાઇસાહેબ ! આપની સાથે વધારે બોલવાની એ મને મના છે. આપના તે દિવસો હવે ગયા."

" તે દિવસ ? કયા દિવસ ?"

" સુખ વૈભવના–દિલ્લીશ્વરના હુકમથી આપ પોતેજ આપના મહેલમાં નજરકેદ છો."

સેલિમા દીર્ઘનિશ્વાસ મુકી બોલી–" હાય ! હા ! પ્રભુ ! છેવટે આમજ થયુને ?" કેટલાક વખત પછી તે ક્રોધયુક્ત દ્રષ્ટીથી તે હબસણ તરફ જોઈ બોલી–" શા અપરાધને લઇ મારી આ દશા થવા પામી છે ? તેની તને કાંઈ ખબર છે ?'

" તે મારાથી કહી શકાય નહિ. ક્ષમા કરો બેગમસાહેબ" દાસીએ કહ્યું.

હમેશાં પ્રફુલ્લીત કમલ પ્રમાણે મનહર બેગમના મુખચંદ્ર ઉપર આ વખતે બીતીથી આવેલી મ્લાનતા જોઇ તે હબસણનું કઠીણ હૃદય પણ ભરાઇ આવ્યું. પ્રથમની રાત્રીએ બનેલી હકીકત માહુમથીજ થોડી ઘણી તેના જાણવામાં આવી હતી. તે શિવાય તે જાણી શકી નહતી. પણ જે હકીકત મળી હતી તે ઉપરથી તેણે આગળની વાત સઘળી તર્કશક્તીથી

જાણી લીધી. સેલીમાની કરૂણાજનક સ્થિતી જોઇ તે મનમાં બોલી–" ત્યારે શું બેગમસાહેબ નિર્દોષ હશે ? "

સેલિમા વ્યાકુળ થતી તેનો હાથ પકડી બોલી–" આ કિંમતી મોતીનો હાર તને બક્ષીસ આપું છું. પણ આ બધી ભાંજગડ શું થઇ છે તે મને સમજાવીશ ? "

" બાઇસાહેબ !. સાકી નામની જે દાસી આપની પાસે હતી, તે સ્ત્રી નહીં. પણ સ્ત્રી વેષધારી મરદ હતો. " તે સીદણ બોલી.

આટલું કહી તે સીદણે બેગમ તરફ બારીક દ્રષ્ટિથી જોયું કેમકે તેનો વહેમ હજુપણ ગયો નહતો.

આ હકીકત સાંભળી સેલિમાના વિશાલ નેત્ર વધારે આશ્ચર્યતાથી ચમકવા લાગ્યાં. તે બોલી—"શું ? સાકી મરદ ? તદ્દન અસંભવિત વાત. તેમ કદી પણ બને નહિ. તેનું તે સુંદર કોમલતાયુક્ત મુખમંડલ, મધુર કંઠ સ્વર, અને તેનો તે સલજ્જ સ્વભાવ ! શું એથી તે સ્ત્રી નહીં ? પુરૂષ ! કદી ન બને. અરે વધારે શું ? પણ તે લજ્જાવતીએ બીચારીએ મારી પાસે પણ કોઇ દિવસ છુટથી વાત કરી નથી."

" પણ તેણે આપને ફસાવ્યાં. "

" ઠીક. પછી શું થયુ ? કહે જોઉં ? "

" ગઇ રાત્રે હજુર સવારી શિકારેથી આવ્યા પછી; એકદમ આપનાજ રંગમહેલમાં ગઇ. દરમ્યાન શું થયું તે કાંઈ મારા જાણવામાં નથી. પણ એક બે ઘડી પછી બાદશાહ સલામતે માહુમને બોલાવી. તે અંદર ગઇ. તે વારે આપ પલંગપર સુતાં હતાં. શહેનશાહ ક્રોધાગ્નીથી બળતા પાસેજ ઉભા હતા. અને તે બનાવટી વેશ ધારણ કરેલ સાકી નીચું જોઇ ત્યાં ઉભી હતી. સરકારના ફરમાનથી તેને ભોંયરા માંહેના કેદખાનામાં બંદીવાન કરવામાં આવ્યો."

આ હકીકત સાંળળી સેલિમા થરથર કંપવા લાગી. તેણે દાંત પીસી પુછ્યું—" કોણ એ દુષ્ટ ચાંડાળ ? મારો સર્વસ્વ નાશ કરવા આગલા ભવનો દુશ્મન કોણ જાગ્યો એ ? "

" તેનું નામ મહારૂણ સાંભળ્યું છે. "

સેલિમાનું માથું ભમવા લાગ્યું. તેનાથી ત્યાં ઉભું રહેવાતું નહતું. હજારો દાવાનલની જ્વાલા માફક તેનું હદય બળવા લાગ્યું. તે ત્યાંથી ઉતાવળે ઉતાવળે પોતાના શયન મહેલમાં આવવા લાગી. ક્ષણે ક્ષણે તે મુર્છાગત થતી હતી. આવીને દરવાજા પાસે પડી !

મુર્છામાંથી સાવધ થયા પછી સેલિમાને જણાઇ આવ્યું, કે પોતે પલંગપર પડી છે, અને એક દાસી હળવે હળવે શરીરપર હાથ ફેરવે છે. શુદ્ધિપર આવ્યા પછી તેના હૃદયમાં વૃશ્ચિક દંશ સરખી વ્યથા થવા લાગી. તે પોતા સાથેજ બોલી—"મહારાણુ! મહારાણુ!! છેવટ તમેજ આવી રીતે મારૂં સત્યાનાશ કાઢયુ કે? જનદૃષ્ટિયે તમે મને ચિરકલંકિની કરી! તમારા હાથે આવું બન્યું પણ કેમ? શુદ્ધ જીવનના માથે આવો કાળો ડાઘ સહન કરી જીવવામાં શો અર્થ? જ્યાં હું શહેનશાહના પ્રાણુરૂપ સામ્રાજ્ઞી પદ ઊપર આરૂઢ હતી, ત્યાં હવે હલકામાં હલકી દાસી તરીકે દુખમાં—અપમાન સહન કરી દિવસ કાઢવા રહ્યાને? અરેરે! તમારા પ્રથમના બધા સદ્ગુણો કયાં ગયા? હાલમાં તમારૂં પવિત્ર વર્તન શું આવું કલંકિત બન્યું છે શું? ઓ પ્રભુ! હે જગદીશ! આપજ અંતર સાક્ષી છો. હું તદ્દન નિર્દોષ નિષ્કલંક છું. મે જાણી જોઇ સતી ધર્મ વિરૂદ્ધ રતી પણ આચરણુ કર્યું નથી. પણ બેગમના અંતઃપુરમાં—તેના રંગમહેલમાં—એક સ્ત્રીવેશધારી પુરૂષ પકડાયો? હાય હું નિર્દોષ હોઉ! તો પણ શહેનશાહનો મારાપર શી રીતે વિશ્વાસ બેસે?—

"તેમનો જો મારાપર ખાસ પ્રેમ હોત, તો તેમણે મારો એકવાર પણ એ બાબતમાં ખુલાસો લીધો હોત. પણ મને બિલકુલ ન પુછતાં એકદમ ચાલ્યા ગયા! અરે, શું આ કલંક સહેજમાં કાંઇ ટળી જાય તેવું છે? હાય! આજે મારો સત્યાનાશ વળી ગયો! એ દાસીએ કહ્યું તે તદ્દન ખરૂં. મારા એ સુખના દિવસો હવે ગયાજ! આ કલંક જો દૂર ન થાય તો પછી જીવવાની પણ શું જરૂર? પછી તો મરણનું શરણુ એજ મને સુખદાઇ છે. મહાનિદ્રા એજ શાંતિ સ્થાન છે. અરે, અરે! પણ આ મારી ભરજુવાનીમાં? મારી આશાઓ પૂર્ણ થઇ નથી ત્યાંજ? હાય—ત્યાંજ મરવું? શું? આ માનવ દેહ પણ વારંવાર મળનારો છે શું? ના-ના—એવા ખોટા વિચારો શું કામના? મારા પગે પડીશ. વ્હાલા પ્રિયતમને સઘળી ખરી હકીકત કહીશ. શું? પછી તેમનો મારાપરનો વ્હેમ દૂર નહિ થાય કે? જરૂર. તેમનું હૃદય એવું કઠોર ઘાતકી તો નથીજ. આટલું કરતાં છતાં પણ જો મારાં તકદીર ફુટયાંજ હશે, અને તેમનો વ્હેમ નજ મટે તો પછી ઝેર પીને આત્મહત્યા તો છેજ."

સેલિમા પલંગપર બેઠી થવા ગઈ. દાસી બોલી—"બેગમ સાહેબ! ઉઠો માં. આપના માથામાં મોટો જખમ થયો છે."

સેલિમા જરા હસી. આ દુઃખના પ્રસંગે પણ તેને હસવું આવ્યું. તે મનમાં બોલી—“ઓ દાસી! જે આઘાત મારા હૃદયમાં થયો છે, તેની વેદનાઓ તું શું જાણી શકે?”

ભયંકર તોફાન થઈ ગયા પછી દરીયો જેમ શાંત થાય છે, તે પ્રમાણે આ વખતે સેલિમાના હૃદયની પણ તેવીજ સ્થિતિ થઈ હતી. તેણે વિચાર કર્યો—“જે પ્રેમી હોય છે તેને તો હલકાઇજ સહન કરવી પડે છે. હું શહેનશાહ ઉપર પ્રેમ રાખું–વળી તેતો દુનિયાના બાદશાહ–અને હું શું તેમની એક રંક દાસી! સામાન્ય પ્રજા વર્ગ! તેમાં તેમના પગે પડવાથી મને હલકાપણું શાનું? બાકી તે મારા પગ પકડી હાથ ઝાલી વિનવતા, તે દિવસો તો હવે ગયા! પણ હાય તે મને ક્યાં શી રીતે મળે?—હા. એક અરજપત્રથી બોલાવી જોઉં. પછી જો ન આવે તો મન કહેશે તેમ કરીશ.”

પત્ર લખી સેલિમાએ એક કવરમાં બીડયું, અને ઉપર પોતાની મોહોર કરી પછી એક દાસીને બોલાવી તેણે કહ્યું—“જા. આ પત્ર જીન્નત મહેલમાં શહેનશાહ છે તેમના હાથોહાથ આપી આવજે. અને જવાબ લીધા વિના પાછી વળી આવતી ના. જા.”

દાસી ગઈ. પછી સેલિમાએ મહેલના દરવાજા બંધ કરી, સજલ નેત્રે આકાશ તરફ દૃષ્ટિ કરી હાથ જોડી પ્રાર્થના કરવા માંડી કે—“હે જગનિયંતા! જેથી કરી મારી માનખંડના ન થાય, તેમ કરો. મારી લાજ આપનેજ છે. દાસીને ધુતકારી કાઢી ન મુકે અને શહેનશાહ તેની સાથે આવે તો બસ–હે પ્રભુ! એજ વિનંતી છે.”

પુષ્પ ૪ થું.

શોકયોનો ખાર.

સ્નેહ સ્વાર્થને સાધવા, ભૂલી સઘળું ભાન,
શોકય–ખાર પ્રજવાળતી, અસુયા–ઇર્ષ્યા સ્થાન–૪

પ્રિય વાચક! ચાલો આપણે પણ હવે જરા જીન્નત મહેલ તરફ જઇએ. મહેલની અંદર નીચે સુંદર ચિત્રમય ગાલીચા બીછાવેલા છે. તેનાપર કિંમતી–જડાવનું કામ કરેલી કિનખાબની બિછાયત કરેલી છે. તેનાપર અતી રૂપવતી જીન્નત બેગમ બેઠેલી છે. અને પાસેજ દીન દુનિયાનો માલેક શહેનશાહ શાહાનજહાન આડે પડખે પડયો છે.

શહાનજહાન બોલ્યો—"પ્યારી જીન્નત! હજી એક પ્યાલો ઠંડી સીરાજી આપતો! બહુજ તરસ લાગી છે. ઘડી પહેલાં લીધેલું શરબત તો બહુજ ગરમ હતું. સિરાજી લેવાથી વેલાસર શાંતિ અને નિદ્રા તો આવશે."

મહેલની પ્રત્યેક બારીમાં જુદી જુદી જાતની દીવા—બત્તી પ્રગટેલ હતી. અને તેના ઉપરથી ચમકતા આસમાની રંગના પડદાઓ છોડેલા હતા. અને તેની અંદરથી એ દિવાઓનો આનંદદાયક મંદપ્રકાશ પ્રસરતો હતો. આખા મહેલમાં ગુલાબની ખુશબો પ્રસરી રહી હતી. આરસના પથ્થરપર ન્હાના ન્હાના ફુવારાઓ ગોઠવેલા હતા. તેમાંથી મોતીના બિંદુઓ આપક મધુર સુગંધવાળું ગુલાબ પાણી ઉછળતું. અને નીચે મુકેલા સુવર્ણપાત્રોમાં પડતું હતું. અને એક જગાએ મળતું હતું. એક જગાએ સુવર્ણ દંડાકૃતી નિદ્રાના તોરમાં આવેલ ભીમરાજ પક્ષી આંખો મીચી ડોલતો હતો. બીજી તરફ રંગીન શરીરવાળો બુલબુલ પક્ષી વગર બોલવે પાસેની સોનાની વાટકીમાં મુકેલા દાડમના દાણા ચરતો હતો—ત્રીજે સ્થળે મેના બેઠી બેઠી અસ્પષ્ટ શબ્દમાં કાંઇ કાંઇ બોલતી હતી.

બાદશાહ આંખો મીચીનેજ બોલ્યા—" જીન્નત! મારી પ્રાણેશ્વરી, વ્હાલી જીન્નત! જરા સતાર કે બીન કાંઇપણ જરા બજાવવા લે જોઉં. તારા કોમલ હસ્તવડે તેમાંથી રણણાટ કાઢી મારા આ સંતપ્ત હૃદયને જરા શાંતિ આપ. આજે મને કાંઇ ગોઠતુંજ નથી."

જીન્નત ખરેખરી એક સ્વર્ગાંગનાજ હતી. તેનું શરીર નાજુક અને મોઢું ગોળમટોળ હતું. નીલરંગની સાડી માંહેથી જીન્નત બેગમ નીજ રૂપ જ્યોતિના તીવ્ર તરંગો બાદશાહ ઉપર વરસાવતી, પીઠપર ફરકતી વેણી ડોક હલાવી વધારે ચમકાવતી, પોતાના મુખચંદ્રપર થોડું વધારે મોહક હાસ્ય લાવતી, જીન્નત બેગમ ઉઠીને બીન લઇ આવી. સ્વર મેળવવા માટે બીનની ખીટીયો ફેરવતાં તેની ડોક પણ જુદી જુદી ચેષ્ટાઓ બતાવતી હાલતી હતી. જ્યારે બીન બે સુરીલો વાગતો ત્યારે તેના ચહેરાઉપર ગ્લાની છવાયેલ જણાતી, પરંતુ સ્વર જ્યારે મીઠો નીકળતો, ત્યારે તેના મુખચંદ્ર ઉપર હાસ્ય અને સંતોષ ચીન્હ પ્રગટ જણાતાં અને તેનાં ચમકતા પાણીદાર નેત્ર તથા પ્રવાલ સમાન રક્ત ઓષ્ટ પ્રદેશ ફરકતા.

બીન બરાબર લાગ્યો. સુરાવટ જોઇએ તેવી મળી. બીનના પ્રત્યેક પડદામાંથી રાગરાગણીયોની જીવનશક્તી જાગૃત થવા લાગી મૃદુ મૃણાલ માફક

કોમલ કંકણ વિભૂષિત એવા પોતાના ડાબા હાથમાં બીન લઇ, જમણા હાથથી તે યૌવન મદમાતી તારૂણી તેના તાર ઝણઝણાવવા લાગી. અને તે ઝણઝણાટમાં સંગીતના સપ્ત સ્વર રમવા લાગ્યા. બાદશાહ પડ્યા પડ્યાજ "વાહવા ! ક્યા બાત ? ખુબ સરસ. બહુત અચ્છા બેગમ." એવા ઉત્તેજીત શબ્દોથી વચમાં વચમાંથી તેને પ્રોત્સાહન આપતો હતો. આજે જીન્નત બેગમના હૃદયમાં અપૂર્વ આનંદ વ્યાપ્યો હતો. આજે કેટલાયે દિવસો પછી સેલિમા બેગમના દૃઢ પાશમાંથી તેણે બાદશાહનો છુટકારો મેળવ્યો હતો. આજે શાહાજહાન તેની સાથે એવી તો પ્રેમવાર્તાઓ કરતો હતો, કે તેથી પોતાની સૌખ્યદ સ્થિતી હવે અવિચળ રહેવાની એમ તેને આશા બંધાઇ હતી. આ વખતે જીન્નત બેગમ વીણા નાદથી પોતાનાજ તોરમાં રંગાઇ ગઇ હતી. મનમાં આનંદ ન સમાવાથી તે બીનના સ્વર સાથે પોતાનો સ્વર મેળવીને મધુર કંઠથી જીનતઆરા ગાવા લાગી—

"તે સું ફુલી મતીયા બન બાગાને,
બોલે ડોલે કોયલીયાં—
કુજે ગુંજે ગુંજરે ભૃંગનમેં,
પપીયા પુકારે પિયા પિયા પિયા !"

સંગીત આસ્તાઇમાંજ વળી એક વિઘ્ન આવી પડ્યું. એક દાસીયે આવીને એક પત્ર બેગમની આગળ ધર્યો.

"શું ખબર છે ?" જીન્નત બેગમે પુછ્યું.

દાસી બોલી—"સેલીમા બેગમ સાહેબે શહેનશાહ જહાંપનાહને આ પત્ર આપ્યો છે. અને એનો જવાબ મેળવવા માટે ખોટી થવા કહ્યું છે.

શહાજહાન આ વખતે કેટલેક અંશે સીરાજીના કેફને લઇ, તથા કેટલેક અંશે જીન્નત બેગમના કોકીલા માફક મધુર સંગીતની મોહન શક્તિને લઇ અર્ધ નિદ્રામાં ઘેરાયેલ શય્યાપર પડ્યો હતો. જીન્નત બેગમે એકવાર બાદશાહ તરફ તર્ક–દૃષ્ટિ વડે જોઇને તે પત્ર પોતે મનમાંને મનમાં વાંચવા લાગી, તેમાં લખ્યું હતું કે—

"જીવીતેશ્વર ! આપની આ રંક દાસી નિરપરાધી છે. તેનાપર જે આ કલંક વાદળ આવ્યું છે, તે તદન જુઠું છે. હું અપરાધી નથી. હજુરને મારા પર અમસ્તો અમસ્તો વહેમ આવ્યો છે. એમ હું નમ્રતાપૂર્વક સ્પષ્ટ જણાવું છું.

જે વારે આ દુષ્ટ વહેમ પ્રિયતમના મનમાં આવ્યો, તે વારે આ અભાગિની દાસીને જો રૂબરૂ પુછ્યું હત, તો સારૂં ન થયું હત કે ? મારાારનો વિશ્વાસ અને પ્રેમ આમ એકદમ નષ્ટ થાય એ હું મારૂં પૂર્ણ કમનશીબ માનું છું.

શહેનશાહ ! આ રંક દાસીના પ્રાણાધાર ! આ હતભાગિની ઉપર આટલી રીસ શા માટે ? તપાસને અંતે જો આ દાસી ખરેખરી અપરાધી ઠરે તો સુખેથી આપના પવિત્ર હાથેજ આ દાસીને દેહાંત શિક્ષા કરો. પણ મૃત્યુ પહેલાં આપના પ્રેમપવિત્ર ચરણના દર્શન માટે તો—વ્હાલા ! આ દાસી અત્યંત તરસી છે—તે આશા પૂર્ણ કરશો એટલુંજ માગું છું. આ મારી આકાંક્ષા પૂર્ણ થશે હું આનન્દથી મરવા તૈયાર છું. વધારે શું લખું ?

હતભાગિની સેલીમા"

પત્ર વાંચીને જીન્નતઆરા બેગમ ઇર્ષા અને ક્રોધથી બળી ખાખ થવા લાગી. તેના હૃદયમાં શોકયનો ખાર પ્રદીપ્ત થયો. મોઢું લાલચોળ થયું. ભ્રગુટી ખેંચાવા લાગી. ક્રોધકંપીત હોઠપર દંતારોપણ થયું. શરીર થરથરવા લાગ્યું એ સઘળો સાપત્નપણાનો પ્રભાવ ! અરેરે ! આ શોકયના ખારને લઇ જગતમાં કેવા કેવા અનિષ્ટ પ્રસંગો આવ્યા છે ?

જીન્નત બેગમના મનમાં ભયંકર વિચારો રમવા લાગ્યા. " આ તકે બરાબર ડસાવીને જો તે કાળી નાગણને ચગદાવી ન નાંખું તો શા કામનું ? તે દુષ્ટાનો અંતપુરમાં પગપેસારો થયો ત્યારથી હાય ! અમો અન્ય બેગમોના સુખનો તો સત્યાનાશ ગયો ! મૂર્ખાનો તાર શું ? કે પોતે એક દુનિયાની પીઠ ઉપર સૌંદર્યવતી ! હાય. શું અમો ત્યારે બધી કદરૂપી ડોસીઓજ કાં ? ઠીક છે. જોઉ છું. એ પાપિણી ! તારો નાશ આ પ્રસંગે કરવોજ જોઇએ. પછી જે થવાનું હોય તે થાય. પણ આ બાદશાહના નામનો પત્ર તેમને તો બતાવવોજ જોઇએ."

જીન્નતઆરાયે બાદશાહ તરફ ત્રાંસો નજરે જોયું. બાદશાહ સુખશૈયા ઉપર સ્વપ્નાનંદમાં નિમગ્ન બનેલ જોયા. હિંદુસ્તાનના સાર્વભૌમ્ય બાદશાહ દિલ્લીનો રાજમહેલ છોડી અરધી ઉઘાડી–મીચેલી આંખે પડયા પડયા પરસ્તાનના સ્વપ્નમય રાજ્યમાં ભ્રમણ કરતા હતા. હિંમતથી જીન્નતઆરા બેગમ બાદશાહના કાન પાસે મૃદુ સ્વરે બોલી—" સરકાર ! એક પત્ર આવેલ છે."

શહાજહાને એકવાર અરધી આંખો ઉઘાડી જીન્નતઆરા તરફ જોઇ પુછયુ—" પત્ર કોનો—પત્ર ! બેહસ્તમાંથી શું કોઇ પરીનો તો નથી આવ્યો ને ?" અસ્ફુટ શબ્દો અચકાતાં અચકાતાં બાદશાહ બોલતો હતો.

જીન્નત જરા હસીને બોલી—" ખાવિંદ ! સ્વર્ગમાંહેની પરીનો પત્ર નથી. પણ મર્ત્ય ભૂમીની એક પરીનો છે. સેલીમા બેગમે પત્ર મોકલેલ છે."

શહાજહાને પુરી આંખો ઉઘાડીજ નહીં. પણ ઉલટી જોસબંધ મીચી દીધી. થોડી વાર રાહ જોઇ જીન્નત બોલી—" જહાંપનાહ! પત્ર બહુ જરૂરનો છે. જો હુકમ આપવાનો હોય તે મળે તો સારૂં."

બાદશાહે ફરી પુછયું—'કોનો પત્ર કહે છે ?"

" સેલીમા બેગમનો."

સેલિમાનું નામ સાંભળતાંજ શહાજહાનના મોહાપર દ્વેષ અને વીરક્તિનો ભાવ સ્પષ્ટ દેખાવા લાગ્યો. માથું ધુણાવીને બોલ્યો—" ફેંકી દે. તે દુષ્ટાના પત્રને હું બિલકુલ અડકનાર નથી."

જીન્નતઆરાને એટલુંજ જોઇતું હતું. ભલાપણાનો વધારે ડાળ કરતી તે બોલી—" આમ કરવું ઠીક નથી. નામવર ! તેણે બહુજ મોટી અભિલાષાથી પત્ર લખેલ તે આપ ન વાંચો, તો તેને કેટલું બધું ખોટું લાગશે ? હુકમ હોય તો હું વાંચી બતાવું."

બાદશાહ વધારે ક્રોધથી બોલ્યો—" કાંઇ વાંચી બતાવવાની જરૂર નથી. શું લખ્યું છે ? તેજ તું ટુંકામાં કહી બતાવ એટલે થયુ.'

જીન્નતઆરા બોલી—" મારાં દૈવતો ફુટયાંજ—પણ મને મુક્ત કરો—એટલું આ પત્રમાં લખ્યું છે."

જીન્નત ! ઓ હત્યારી જીન્નત ! આ તારો કેવો દેવી સ્વભાવ ? પત્રમાં ખરેજ એવું કયાં લખેલ છે ? ખરેખર, જીનત તું રાક્ષસી, પિશાચીણી છે પિશાચીણી ! ! પ્રિય વાચક ! સ્વાર્થસાધુ જીન્નતના જાળમાં બાદશાહ લપટાયો !

બાદશાહે નાખુશી બતાવતાં આંખો ઉઘાડી. નેત્ર ખેંચીને તે બોલ્યો—ઓ પાપીણી ! ત્યારે તું એટલું સમજે છે કેમ ? ત્યારે તો જરૂર તને મુક્ત કરવીજ પડશે. યાદ રાખ. હાથીના પગ તળે કચડાવીનેજ તને મુક્તિ આપવાનો છું. સમજી, ઓ પીશાચિણી !"

જીન્નતબેગમ હાથ જોડી બોલી–" શહેનશાહ ! આપ દુનિયાના માલેક છો અને તે એક બિચારી સ્ત્રી ! આપના કોપને તે યોગ્ય નથી. તેને છુટી કરવી જોઇએ. તે કમ ભાગ્યવાનનો અપરાધ મોટો તો ખરો. પણ તેનો જાન લેવાથી આપની ઉજ્વલ કીર્તિને બટો બેસશે."

ઉન્નતઆરા મનમાં પાકું સમજતી હતી કે આવી રીતે માયાવી મીઠા શબ્દોથીજ બાદશાહને ઉત્તેજીત કરીશું એટલે આપણી કાર્યસિદ્ધિ થવાનીજ અને ખરેજ એ પાપિણીનો ઉદ્દેશ પાર પડયો. મૂર્ખ બાદશાહ કઠોર શબ્દ વડે બોલ્યો–" ઓ જીન્નત ! પ્યારી જીન્નત ! તે પાપીણીના પર દયા કરવા સંબંધનો એક શબ્દ પણ હવે ઉચ્ચારતી નહિ. આ વખતે પ્રત્યક્ષ પ્રભુનું કહેવું પણ હું માનીશ નહીં. કહું છું તેવોજ જવાબ લખી દે."

બાદશાહના હુકમ પ્રમાણે જીન્નતઆરા લખવા લાગી —

" ઓ પાપીણી ! બે શરમ ! તને લજ્જા બીલકુલ નથી કે ? નિર્લજતાથી વળી ફરી પત્ર લખે છે તે ! તું ખરેખર પિશાચીણીજ છે. ક્ષમાને તું બિલકુલ પાત્ર નથી. આજથી નિર્જન કારાગ્રહમાં તને રાખવામાં આવશે. તારા અપરાધની ક્ષમા કદી પણ થશે નહિ. બીજી શું શીક્ષા કરવી તેનો વિચાર હવે પછી કરવામાં આવશે."

બાદશાહે હાથમાંહેથી વીંટી કાઢી જીન્નત તરફ ફેંકી. તેણે એ પત્ર નીચે એ વીંટીથી સિક્કો કર્યો.

શહાજહાને કહેલા શબ્દો ઉપરાંત જીન્નતઆરાયે બીજા પણ શબ્દો ઉમેર્યા હતા. કે–" જો તારામાં થોડી ઘણી પણ લજ્જાનો અંશ હોય, તો હવે ઝેર પીને મરીજા. આવું બાદશાહી કુટુંબમાં અક્ષમ્ય કલંક વ્હોરીને જીવવાની આશા ન કરતી."

આ શબ્દો જીન્નતબેગમે કાંઇ બાદશાહના હુકમથી લખ્યા ન હતા.

પત્ર લઇ દાસી ચાલતી થઇ. થોડાજ વખત પછી જીન્નતબેગમના કપટપૂર્ણ કાર્ય તત્પરતાનો બાદશાહની સહી મોહોરનો રૂક્કો મોતી મહેલમાં માહુમ સીદણના હાથમાં આવ્યો. સેલિમાને નિર્જન કારાગ્રહમાં દાખલ કરવાનો તેમાં હુકમ હતો !

દૈવ ! તારી વિચિત્ર ગતી છે ! ! !

પુષ્પ પાંચમું.

જીવન વિસર્જન.

સતી પતિ આજ્ઞા પ્રેમથી, પાલન કર્તી હોય;
ડગે ન જરિ કર્તવ્યથી, ભ્રમવે કદિ જન કોય—૫

આશાનો પ્રભાવ બહુ વિચીત્ર છે. માનવીના જીવનને આધારભૂત એવું બધું નષ્ટ થાય છે. પણ છેવટ સુધી આશા માત્ર નષ્ટ થતી નથી. સેલીમાનો માન મરતબો, ધન દોલત, દાસી લુંડી, બધુયે ગયું, પણ આશાયે તેને મુકી નહતી. જરા કાંઇ ખડખડાટ થતો કે સેલીમા ઉઠી બેસતી. તેને લાગતું કે "છેવટ પ્રિયતમને દયા આવી. પોતાપર આવેલા જુઠા કલંકનું જુઠાપણું ખાવિંદની નજરે આવ્યું. તેમણે ક્ષમા કરી. શહેનશાહનો વ્હેમ દૂર થયો. વાહ! તેજ આવે છે ને શું?"

કોઇપણ આવતું નહતું. પણ આશા નષ્ટ થતી નહતી.

ત્રણ પહોર દિવસ ચડી ગયો. તોપણ દાસી આવી નહીં. એટલે ધીરે ધીરે સેલિમાની આશા નષ્ટ થવા લાગી. તેનુ હૃદય શુન્યવત થવા લાગ્યું. અત્યાર સુધી સેલિમાયે એક ચમચો પાણી પણ પીધું નહતું. દાસીયે નિયમિત વખતે થાળી પીરસી આણી મુકી હતી. તેને તે અડકી પણ નહતી. તેણે દૃઢ પ્રતિજ્ઞા કરી હતી કે—" જો ખાવિંદ આવશે નહિતો પ્રાણ ત્યાગ કરવો."

છેવટ ઘણીવારે એકવારની દાસી આવી. તેનું મ્લાન વદન, જોઇનેજ સેલિમા સઘળું સમજી ગઇ. તેણે દાસીને પુછ્યુ—" ખાવિંદ ક્યાં છે?"

દાસીનો કંઠ ભરાઇ આવ્યો. તે બોલી—" હજુર પધાર્યા નહિ."

"હેં, ન આવ્યા? ત્યારે ક્યારે આવવાનું બોલ્યા?"

દાસીયે કાંઇ જવાબ ન આપતાં સેલીમાના હાથમાં પત્ર આપ્યો. સેલીમાયે કવર ઉઘાડી જોયું. તો જીન્નતઆરાના અક્ષર! બધી હકીકત તુરત તેના સમજવામાં આવી ગઇ. અને પત્ર જોતાંવારજ તેની આંખે અંધારાં આવી ગયાં.!

દુઃખ—સંતાપ—અભિમાન આદિ વિકારોથી તેનું અંતઃકરણ બળવા લાગ્યું. તેણે દાસીને હુકમ કર્યો કે "તું બહારજા. હું અહીં એકલીજ રહીશ."

આજ્ઞા પ્રમાણે દાસી બહાર ચાલી ગઇ. સેલીમાએ દરવાજો બંધ કરી લીધો. અને પોતે કોચપર પડી ઘણીવાર સુધી તે ડુસકે ડુસકે રડતી હતી!

આ વખતે કશ્યપપુત્ર ભાનુરાજ અસ્તાચલપર જવાની તૈયારીમાં હતા. તે જાણે સેલિમાના દુઃખથી દુઃખિત થઇ, હિમાલયના પશ્ચિમ ભાગની પાછળ પોતાનું મ્હો છુપાવવા પ્રયત્ન કરતા હોય નહિ શું? એમ જણાતું હતું. સેલિમા સુંદરી ઘણા વખત સુધી ઉઠતી-બેસતી કાંઇક વિચાર કરતી હતી. તેની કાંતિ નિરાશાની છાયાથી નિસ્તેજ જણાતી હતી. તોપણ દઢ પ્રતિજ્ઞાનું ચિન્હ તેના મુખકમલ ઉપર સ્પષ્ટ જણાતું હતું. પોતાની જીંદગીનો આખરનો સંદેશો પોતાના પ્રાણેશ્વરને જણાવવા કલમ ખડીયો લેઇ સેલીમા પત્ર લખવા બેઠી.

"પ્રિય પ્રાણનાથ!

આપ આખી આલમના ન્યાય કરનારા, આપની આજ્ઞા પ્રમાણે ઝેર પીને હું દેહ ત્યાગ કરૂં છું. આપની આજ્ઞા હું અક્ષરશઃ પાળું છું. પણ જીન્નતએગમના કાવત્રાનો ભોગ થઇ પડવાથી, મારી જે શોચનીય સ્થિતી થનાર છે તેની કલ્પના અંતઃકરણમાં આવતાં હૃદય ચિરાઇ જાય છે! પણ નાથ, આપ મારી પાસે ઉભા રહીને આપના પવિત્ર હાથથીજ જો મને ઝેરનો પ્યાલો પાયો હત, તો કેવી શાંતિ? કેવા આનંદથી, આપના વદન-ચંદ્ર તરફ ચકોરી માફક નજર રાખીને ઝેર પીને પ્રાણ ત્યાગ કરત! તે દેખાઇ આવ્યું હત. પણ હવે શું ઉપયોગ?

પરમાત્માના પવિત્ર ચરણોનું સ્મરણ કરીને આપને જણાવું છું કે હું તદ્દન નિર્દોષ છું. આપ આખા હિંદુસ્તાનના બાદશાહ! ન્યાય કરતા છો. પણ આ રંક દાસીની બાબતમાં તો આપના હાથથી અન્યાયજ થયો છે! એ હું નમ્રતા સાથે ખાત્રી પૂર્વક જણાવું છું. પણ આખી દીન દુનિયાનો આધાર જેના ન્યાય ઉપકાર છે, તેની હજુરમાં તો મારો ખરો ન્યાય તોળાશે એવી મારી ખાત્રી છે.

જીવનાધાર! જહાંપનાહ! આ દેહ તો અતિ તુચ્છ છે. લગ્ન થયાં ત્યારથી તે આપનીજ સેવામાં સમર્પણ થએલો છે. તે આપના કાર્યમાં નિરૂપયોગી બને ત્યારે રાખીને પણ શું કરવો છે? અને એટલા માટેજ આપના હુકમ પ્રમાણે તેનો આજે હું નાશ કરૂં છું.

મરતા પહેલાં જો એકવાર આપનુ પવિત્ર દર્શન આ દીન દાસીને થયું હત, તો જગત માંહેનુ એક અનુપમ સૈખ્ય મને મળેલું હું માનત; પણ તે આશા પુરી પડવાનું આ હિણભાગિનીના નસીબે લખાયેલજ નહિ! 'મારા મનમાં હેની એકપણ આશા હવે પૂર્ણ થવાનીજ નહિ. મારા દૈવે જેમ મને ઘેરી લીધી, તેમ આજની રાત્રીને નીલમેઘ જો તે સુધાંશુને ન ઘેરી લે, તો આજ રાત્રે કેવી રૂપેરી ચાંદની ખીલશે? એવી સુંદર ચાંદનીમાં શીતલચંદ્ર કિરણોની સોડ ઓઢીને આનંદથી પ્રાણ ત્યાગવા, એવો મારો ઘણા દિવસથી વિચાર હતો. પણ મને તે હવે શી રીતે પૂર્ણ થાય? ત્રટિનીનું સુંદર ગાન સાંભળતાં પ્રાણ મુક્ત થવાથી મને અપ્રતિમ સુખ થાય, પણ હવે ત્રટિનીપર વર્તાવ થતાં, આપના અંકપર મસ્તક મુકી પ્રાણ છોડવાનું ક્યાંથી બને!

હવે આ દુર્દૈવીની એકજ વિનંતિ આપની પાસે કરે છે. અને તે મરજીમાં આવે તો માન્ય કરશો. મારા મહેલની ઉત્તર બાજુની બારીમાંથી જે સરિતા વહેતી દેખાય છે, તેના તીર ઉપર ચંદ્રોદય વખતે મારૂં દફન કરવાનો હુકમ આપશો. અને ત્યાં કોઇ દિવસ પણ, સીપાઇ કે પેહરો રાખીને, મારી નિર્જન એકાંત વિશ્રાંતી સૌખ્યનો નાશ કરશો નહિ.

પ્રાણનાથ! આપની અર્ધાંગનાનુ માન મને આપે આપ્યું ત્યારથી આજ સુધી આપે મારા અનેક કોડ પૂરણ કરી, આજ દિન સુધી ઘણુંજ સુખ આપ્યુ છે, તે આપના ઉપકારો ભવભવે હું આપનુ દાસત્વ કરૂં તોપણ પુરા થનાર નથી. આ અભાગિનીની સ્મૃતી આપ વિસરશો—અને વિસરો એજ ઉત્તમ! પણ કોઇકવાર જો યાદ આવે તો સ્વર્ગમાં આપના ચરણ નિરખતી બેઠેલ આ દાસીને ત્યાં અનુપમ સંતોષ થશે.

છેવટ પરમકૃપાળુ પરમાત્માએ આપને હમેશ માટે આનદમાં રાખવા તે કિરતાર પાસે અનન્ય ભાવથી પ્રાર્થના કરી આપની આખરની રજા લઉંછું.

આપને એક વખતે અત્યંત પ્રીય એવી-પણ અત્યારે કાળના મોઢામાં ગ્રસીત થએલી રંક **સેલિમા.** ''

આ પત્ર લખાઇ રહ્યા પછી તે એક પરબીડમાં બીડી, તેના પર પોતાની મહોર કરી ઉપર પાદશાહનું શિરનામુ કરી, તે એક સુવર્ણપાત્રમાં સુગંધી પુષ્પ રાશી ઉપર મુક્યો. અને તે સુવર્ણપાત્ર એવા સ્થળે રાખ્યું કે બીજા કોઇની સહજ રીતે નજર જાય.

સલિમાની આંગળીમાં એક બહુમૂલ્ય હીરાની વીંટી હતી. વખતે પ્રેમની નિશાની તરીકે શહાજહાને તે સેલિમાને આપી હતી. વીંટી ઉપરની ચકચકતી હિરાકણી તરફ સેલિમા અજલ નેત્રથી ન કિંચીત્ હસી, આ વખને તેના મનમાં જુદા જુદા પરસ્પર વિ વિચારોનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું. અકસ્માત તેનું ચિંતાક્રાંત મ તેજહિન મુખ સહેજ ઉજ્વલ થયું. તેના ઉજ્વલ મુખ પ્રદેશ ઉપર રૂપ જ્યોતિ ફરી ચમકવા લાગી. ગએલી પ્રફુલ્લતા પાછી પૂર્વ સ્થિ આવી. વીંટી પરની હિરાકણી તરફ જોતી તે બોલી–" હે અમૂલ્ય ર મારા હૃદયમાં પ્રવેશીને મારામાં કેટલી નિષ્કલંક્તા છે? તે તારા પ્રકા મારા પ્રિય પ્રાણેશને અને જગતને જણાઇ આવે તેમ કર."

સેલિમા દૃઢ નિશ્ચય વાળી હતી. જુદા જુદા વિચારોથી તેના ઝુમંતી થઇ, તોપણ પતિ આજ્ઞા પ્રમાણે પ્રાણ ત્યાગવાનો વિચાર મક્કમ રાખ્યો. પ્રેમનો લોપ થયો. આશા નષ્ટ થઇ. જીવનનો આધાર પડયો. તેને આ અસાર જગતમાં રહીને શું કરવું છે? એમ તેણે નિ કર્યો. છેવટે દૃઢ વિચાર કરીને વીંટીમાંની હીરાકણી સેલિમા ચુસી તે ગળતાં પહેલાં આકાશ તરફ દૃષ્ટિ કરી હાથ જોડયા. અશ્રુ પૂર્ણ નયન દગ્ધ હૃદયથી, રૂંધાયેલ કંઠથી તે બોલી–" હે દયાળુ પ્રભુ! હું તો ચાલી. મારી નિષ્કલંકતા માટે હવે તુંજ એક સાક્ષી રૂપ છે. હવે ચરણો પાસે તો આ રંક દાસીને ઠેકાણું મળશે. તારા આ આટલા પ્રચંડ જગતમાં જ્યારે મારા સરખી ક્ષુદ્ર સ્ત્રીને સ્થાન ન મળે, ત્યારે શું ઉપાય? તું દીનોદ્ધારક છે. મારી પાછળ પણ મારા પ્રાણેશ્વરની શુદ્ધ વર્તન માટે ખાત્રી થાય તોયે હું બસ માનીશ. તારાપર જો મારી શ્રદ્ધા હોય, આ અભાગિનીની જો તને લાજ આવતી હોય, તો મ પહેલાં એક વાર મારા પ્રિય પ્રાણેશનાં દર્શન થાય."

ઉપરોક્ત પરમેશ્વરની અનન્યભાવથી પ્રાર્થના કરીને સેલિમા તે કણી ગળી ગઇ, એમ નહિ તો તે સાથે જગત માંહેનો એક નિઃ રૂપ સૌંદર્યના અપ્રતિમ ગુણ સંચયાનો અને પવિત્રતાનો ઉજ્વલ દી ઓલવી નાખ્યો એમ કહેવું અતિશયોક્તી વાળું નથી. હીરાકણી પે ઉતરવા બરાબર તેના ઝેરથી કરાલ મૃત્યુએ સેલિમાને પોતાના પંઝામાં માંડી. તેને અપાર વેદનાઓ થવા લાગી. શરીર કંપવા લાગ્યું. નેત્ર ગયાં. માથું ભમવા લાગ્યું. સેલિમા પોતાની શુભ્ર શૈયા ઉપર ત્રિકાળ

પડી. કંઠ ભરાઇ આવતાં તે બોલી–" મહારૂણુ ! તમે મારાપર પ્રેમ રાખતા હતા, મારી પણ આપના પર અત્યંત પ્રીતી હતી. પણ એ પ્રેમ કેવળ બહેનભાઇનો હતો એમ હું માનતી હતી. પણ તે પ્રેમનું આવી રીતે અનિષ્ટ રૂપાંતર થયું હશે તે હું જાણતી નહતી. પ્રાણેશ્વર ! જહાંપના ! આ દાસીને ક્ષમા કરશો. આપના મનને આટલો ક્ષોભ આપવા–અજાણતાં ભલેને તોપણ–હું કારણીભૂત થઇ, પણ મારો શો ઉપાય ? આત્મહત્યા કરવી એ મોટું પાપ છે, એમ લોકો કહે છે. પણ તે પાપ મને બીલકુલ લાગનાર નથી. સ્ત્રીને પતી એ ગુરૂના ઠેકાણે છે...ના પ્રત્યક્ષ તે તેનો ઇશ્વરજ. ત્યારે પ્રાણેશનીજ આજ્ઞાથી હું આત્મહત્યા કરૂં પછી મને પાપનો સ્પર્શ સરખો પણ ક્યાંથીજ થાય ? પણ ઉલટી હું સ્વર્ગમાં જઇશ. "

સેલિમાએ ઘણાજ કષ્ટથી આંખો મીચી.

થોડો વખત ગયા નહિ ત્યાં શું આશ્ચર્ય ! શહાજહાન પોતે તે મહેલમાં આવ્યો. દીવા પ્રજ્વલિત છે. સેલિમા શૈયા ઉપર વિકળ થઇ પડી છે. શહાજહાન ઉતાવળે પગલે શૈયા પાસે ગયો. તેના તરફ જુએ છે, તો તે ત્યાંજ બીતીથી થરથરવા લાગ્યો. મૃત્યુની ભયાનક છાયાથી સેલિમા કાળી ઠણક પડી હતી. મોઢું શુષ્ક જણાતું હતું. રક્તઓષ્ટ પણ સુકા મ્લાન ફીકા જણાતા હતા. બાદશાહના હૃદયમાં એક જબરો આઘાત થયો. વ્યાકુલ સ્વરથી કરૂણાયુક્ત વાણીથી તેણે સાદ કર્યો–" બીબીજાન ! મેરી પ્યારી સેલિમા ! "

સેલિમાનો અધરોષ્ટ જરા ફરક્યો. શ્વાસમંદ–અતિમંદ ચાલતો હતો. ઘણાજ પરિશ્રમથી તેણે નેત્ર હળવે હળવે જરા ઉઘાડયાં. બાદશાહને થોડી હિંમત આવી. હૃદય ભરાઇ આવતાં ફરી તેણે પુછ્યું–" સેલિમા ! પ્યારી ! શું થયું છે ? "

સેલિમાનાં નેત્ર થોડાં વધારે ઉઘડયાં. તેણે પોતાની કરૂણાજનક ક્ષીણ થતી દૃષ્ટિ પ્રિય પતિના મુખારવિંદ તરફ બરાબર ચોટાડી. સેલિમાને હવે પદાર્થનું બરાબર ધ્યાન પડીને ભાન થતું ન હતું.

બાદશાહે ફરી પુછ્યું–" વ્હાલી સેલિમા ! શામાટે આ સર્વસ્વ નાશ કરી લીધો ? "

સેલિમા અર્ધસ્ફુટ શબ્દથી અચકાતાં અચકાતાં બોલી–" કોણ ?

મારા વ્હાલા હૃદયેશ્વર! છેવટે આપ પધાર્યા ? આ દાસીપર દયા આવી ? આપની આજ્ઞા મેં પ્રતિપાલન કરી છે. મે હીરાકણી ગળી છે. ”

શહાજહાનને આ વાત પ્રથમથીજ જણાઈ હતી. તે હવે તદ્દન હતાશ થયો. એકાદ ગાંડા માનવી સરખી તેની સ્થિતી થઇ. શું કરવું એ તેને સુઝતું નહતું. હિંમત હરાઈ જતાં તે ત્યાંજ નીચે બેસી ગયો.

સેલિમાના મોઢેથી ઉપરના શબ્દો સાંભળી શહાજહાન દેહભાન ભુલી ગયો. સઘળી બેગમોમાં સેલિમા બેગમજ તેની પિય પ્રાણથી પણ અધિક વ્હાલી બેગમ હતી. મહેલના દરવાજા પાસેજ એક દાસી પહેરો ભરતી હતી. તેને મોટેથી બુમ મારી બાદશાહે કહ્યું–“ જા–જા જલદી હકીમને બોલાવી લાવ. ”

સેલિમાની શ્રવણ શક્તિ ક્ષીણ થતી ચાલી હતી. તોપણ બાદશાહના એ શબ્દો તે સાંભળી શકી. શહાજહાનને ઉદ્દેશીને તે બોલી–“ નાથ ! હકીમ આવીને હવે શુ કરવાનો હતો ? મેં હીરાકણી ખાધી છે. અતિશય વેદનાઓ થાય છે. હવે બચાવવાનું પરમાત્મા સિવાય અન્યના હાથમાં નથી.

બાદશાહ સેલિમાના બિછાનાપર જઇ બેઠો. ભયંકર નિરાશાથી તેનું અંતઃકરણ વ્યાપ્ત થયું હતું. સેલિમાનું માથું તેણે પોતાના ખોળામાં લીધું. હૃદય માંહેનો ઉદ્વેગ દાબી ન શકવાથી શહાજહાન ડુસકે ડુસકે રડવા લાગ્યો. તે સેલિમાના જોવામાં આવતાં તે પ્રેમાળ સ્વરે બોલી–“ છી છી ! નાથ ! આપના સરખા વીરપુરૂષને યઃકશ્ચિત દાસી માટે અશ્રુપાત કરવો એ શું ઉચિત છે ? ”

સેલિમાના આ શબ્દો સાંભળીને તો બાદશાહનું હૃદય વધારેજ ભરાઈ આવ્યું. રડતાં રડતાં તે બોલ્યો–“ સેલીમા ! આ કોણે કર્યું ભલા ? ”

સેલિમા ક્ષીણ સ્વરે બોલી–“ ખાવીંદ ! આ પહેલાં માત્ર એજ ઘડી જો આપ અત્રે પધાર્યા હોત તો હું જરૂર મરત નહિ. હવે તે શા કામનું ? ”

સેલિમાનાં આ શબ્દોથી શહાજહાનનું પ્રેમાળ અંતઃકરણ પિગળી ગયું. તેણે પ્રેમાતિશયથી સેલિમાને આલિંગન આપ્યું. રૂંધાયેલા કંઠથી તે બોલ્યો–“ વ્હાલી સેલિમા ! હું પાપી–સ્ત્રી ઘાતકી છું ! હું દુષ્ટ તારા નિર્મળ પ્રેમને બિલકુલ યોગ્ય નથી. કેમકે તું સ્વર્ગાંગના છે. પણ આજ સુધી હુ તને ઓળખી શક્યો નહિ. હાય, હાય ! પણ હવે તું મને છોડી ચાલી.

હે ? સેલિમા ! મારી પ્રાણધાર સેલિમા ! મને માફ કર. આ હતભાગ્ય સાથે એકાદો તો શબ્દ બોલ—"

એ પ્રેમાળ દંપતીના તે વખતના શોક વિહ્વળ સ્થિતીનું યથાર્થ બ્યાન ચીતરવા કોણ શક્તિમાન છે ? સેલિમાના ઉંડા ગએલ ગાલપરથી આનદાશ્રુ–પ્રેમાશ્રુ વહ્યા કરતાં હતાં. કંઠ ભરાઇ આવ્યો હતો. જીવનશક્તિ ધીરે ધીરે નષ્ટ થતી ચાલી હતી. દુઃખ–કષ્ટ–નિરાશા–ભગ્નહૃદય–ઉપેક્ષા–અનાદર–અપમાન એ દુનિયાની સર્વ સ્થિતી ! અહીંની અહીંજ રહીને મૃત્યુ પહેલાં સેલિમાને પરમ શાંતિ પ્રાપ્ત થઇ હતી. હવે બાદશાહના તે રૂદ્ન કંઠ કે તેની કરૂણાજનક સ્થિતીથી એ અંતિમ શાંતીનો ભંગ થઇ શક્યો નહિ.

બાદશાહ ફરી ગાંડા માફક એકદમ ઉભો થયો. અને બરાડા પાડતો બોલ્યો–" હકીમ–હકીમ ! કોઇપણ હકીમને જલદી બોલાવી લાવો. "

પણ હકીમ આવે ત્યાં સુધી વખત કયાં હતો ? સેલિમાની જીવન-જ્યોતિ ઠરી ગઇ. ચોતરફ શૂન્યતા અને શોક છવાઇ રહ્યાં.

શાહાજહાનના શોકને હવે સિમા નહતી. તે દૃઢ વૃત્તિવાળો અતુલ શક્તિસંપન્ન ભારતેશ્વર આ વખતે સેલિમાના મૃતદેહને વિંટળાઇને એકાદા ન્હાનકડા બચ્ચા પ્રમાણે મોટેથી રડવા લાગ્યો. તેનો ઉષ્ણપ્રવાહ સેલિમાના નિશ્ચલ, નિષ્પંદ, હીમશીતલ દેહપર પડવા લાગ્યો !

સેલિમાનો પ્રેમ–આત્મા અક્ષય શાંતિના દરબારમાં દાખલ થયો !!!

પ્રકરણ ૬ ઠું.

હૃદય શોધન.

પરવશ પ્રાણીને કદી, ન્હોય પ્રથમથી જ્ઞાન;
વસ્તુ ગુમાવ્યા પાછળે, સમજે પછિ સૌ સાન. ૬

માહુમે મહારૂખને ભોંયતળીયાની અંધાર કોટડીમાં ફેંકયા બરાબર, તેની નીચલી ભોંય ધમધમવા લાગી. હળવે હળવે તે મહારૂખ સાથે નીચે બેસવા લાગી પોતાના પાપી દેહનો ભાર સહન કરવાને કૃપાળુ ભૂમાતા પણ સંમત નથી એવું મહારૂખને લાગ્યું. પ્રાઓ કરેલી પાકી જમીન નીચે ધરબાવા લાગી એ જોઇ તે સંકટ વેળાએ તેને આશ્ચર્ય લાગ્યા વિના

રહ્યું નહિ. એકદમ કડકડ શબ્દ કરતી ભોંયતળની તે જમીનના દુભાગ થઇને નોખા પડેલા બન્ને ભાગ અધોવદને સ્થિર થયા. અને કુદરતથી વળી પાતાળ તરફ ગએલ આ નવા કારાગ્રહમાં મહારૂણ જઇ પડયો. અને તે સાથે તેના મસ્તકમાં મોટો આઘાત થવા બરાબર તે બેશુદ્ધ થઇ પડયો.

કાંઇક શુદ્ધિપર આવ્યા પછી તેને જણાઇ આવ્યું કે, ચોતરફ અતિશય ભીષણ અંધકાર છે. ઉપર—નીચે કાંઇજ જણાતું નથી. આ રાત્રી છે કે દિવસ એ જાણવાને ત્યાં કાંઇજ રસ્તો નહતો. મહારૂણે પોતાના હાથથી ચોમેર તપાસી જોયું. તો નીચે જમીન પાકી કાળા પાણાની જણાઇ. એટલે તે ત્યાંથી તેમને તેમ બેઠા બેઠા, પડેલી જગાએથી થોડો દૂર ગયો. જતાં જતાં ચોતરફ તપાસતો જતો હતો. એક સ્થળે દિવાલનો હેઠળનો ભાગ તેના હાથ આવ્યો. ઉઠીને ઉભો રહ્યા પછી હસ્ત સ્પર્શથી તેને જણાઇ આવ્યું, કે તે દિવાલ માણસોની ચણેલી નથી. ડુંગરમાંજ ખડક ખોદી તે તૈયાર કરેલ હતી. તે ભીંતના આધારે મહારૂણ આમતેમ ફરવા લાગ્યો. જ્યાં ત્યાં તે દિવાલ સરખીજ હતી. માત્ર એક ઠેકાણે પાણાને બદલે લોટું તેના હાથને લાગ્યું. સ્પર્શ થવા બરાબર તેણે અનુમાન કર્યું કે આ મૃત્યુગૃહનું દ્વાર હોવું જોઇએ. તે બહારથી બરાબર ખબરદારીથી બંધ કરવામાં આવ્યું હતું.

હતભાગી મહારૂણ છેવટે હતાશ થઇને નીચે બેસી ગયો. પરંતુ તેનાથી બેસી રહેવાયું નહિ. ફરી ઊઠી ભીંતને આધારે આમતેમ ફરવા લાગ્યો. થાકી જવાથી ફરી નીચે બેઠો. આ સ્થીતી તેને અસહ્ય ભાસવા લાગી. કરૂણ સ્વરથી તે ઉંચે સ્વરે બૂમ પાડી બોલ્યો—"આ પ્રમાણે મને અહીં રાખશો નહિ. કૃપા કરો. તરવારના એક ઝટકાથી મને મારી નાંખો. ઉપકાર થશે !"

તે હતભાગી બંદીવાનના શબ્દોનો તે યમપુરી પ્રમાણે દેખાતા ભયંકર અંધકારમય કારાગૃહમાં ગંભીર પ્રતિધ્વની થયો. તે સાંભળી મહારૂણ પોતેજ ગભરાયો. અને બેઠો હતો તે ઉઠી એકદમ ઉભો થયો. કોઇ ઉન્માદ માણુસની પેઠે ભીંત ઉપર પોતાની વજ્ર મુષ્ટિનો પ્રહાર કીધો. તે કઠીણ પથ્થરની દિવાલપર એ મુક્કાનો કાંઇજ ઉપયોગ કે પરિણામ થયું નહિ. ઉલટી મહારૂણનાજ હાથને ભયંકર વ્યથા થઇ.

છેવટે કંટાળી જઇ મહારૂણ નિદ્રાદેવીની આરાધના કરવા લાગ્યો.

પોતાની માનસિક યાતનાઓ કેટલાક વખત સુધી શમાવવાનું માત્ર એક નિદ્રામાંજ સામર્થ્ય છે એમ વિચારી તે નિદ્રા આવે એવો પ્રયત્ન કરવા લાગ્યો. ઘણો વખત સુધી તે આમતેમ ડાબે જમણે પડખે ફરી ફરીને થાકયો. પરંતુ નિદ્રા આવવા વિશે જેમ જેમ તેણે પ્રયત્ન કર્યા તેમ તેમ એકાદ લજ્જાવતી નવવધૂ પ્રમાણે નિદ્રાદેવીએ દૂર દૂરજ નાસવા માંડયું. બંદીવાન અસ્વસ્થ સ્થિતી ભોગવવા લાગ્યો !

નિદ્રા એ સ્વર્ગની પરી છે. તે શા માટે આવા દુખમાં અને કારાગ્રહ સરખા ભયંકર સ્થળે આવે ? ઘણા વખત પછી મહારૂણે આંખ ઉઘાડી જોયું તો તે ઓરડીમાંનો ભીષણ અંધકાર એક સ્થળે થોડો ઓછો થયો છે, એમ તેના જોવામાં આવ્યું. આથી તેને લાગ્યુ કે પોતાની દ્દષ્ટિને ભ્રમ થયો હોવો જોઇએ. નહિતર આવા ભયાનક અંધકારમાં આવો પ્રકાશનો પ્રવેશ હોયજ કયાંથી ? એટલે તેણે ફરી પોતાની આંખો જોરથી મીંચી લીધી. થોડા વખત પછી તેણે ફરી આંખો ઉઘાડી, એટલે તે પોતાની દ્દષ્ટિનો ભ્રમ નથી એમ તેને જણાઇ આવ્યું. ઉપરની બાજુએ એક ઝીણું છીદ્ર દેખાતું હતું. અંધકાર ઉપર તેનો વિશેષ પરિણામ થએલ જોવામાં આવતો જણાતો નહતો. પણ ઉલટું તે કીરણોથી અંધકારનું ભયાનક સ્વરૂપ વિશેષ વ્યક્ત થતું થતું. મહારૂણને માલમ પડયું કે હવે રાત્રી વીતી ગઇ. અને પ્રભાત થયું છે.

વખત જવા લાગ્યો તેમ તેમ ઉપરથી આવનારો પ્રકાશ હળવે હળવે ઉજ્વલ દેખાવા લાગ્યો. તે એટલે સુધી વધ્યો કે મહારૂણને પોતાના અવયવો સર્વ દેખાવા લાગ્યા. તે પ્રકાશવડે મહારૂણને કિંચિત શાંતિ મળી. પરંતુ તે શાંતતા વધારે વખત ટકી નહિ. જ્યાં સુધી ઘોર અંધકાર હતો, ત્યાંસુધી મહારૂણ કોઇપણ પ્રકારના વિચારમાં નિમગ્ન થયો હતો. પરંતુ હવે તો તેને પોતાનું આંતરસ્વરૂપ દેખાવા લાગ્યું. જેથી તેને ભયંકર ચિંતા પ્રાપ્ત થઇ—સર્વકાલ ચિંતા—પોતાના ભવિતવ્ય માટે ચિંતા !! પણ હવે ચિંતા કરીને શું વળે તેમ હતું ? "ભુખ અને તરસ લાગવાથી તરફડી તરફડીને તેના પ્રાણ જવા જોઇએ એજ હુ તેને શીક્ષા આપુ છું." આ બાદશાહના મોઢાના શબ્દો તેણે કાનોકાન સાંભળ્યા હતા હવે બહુ તો એકે ચાર દિવસમાં તેના આયુષ્યની સાથેજ તેની ચિંતાનો અંત આવવાનો !

તે સઘળો દહાડો મહારૂણે ચિંતામાં વિતાડયો. સેલિમા માટે ચિંતા અને પોતાના મૃત્યુની ફીકર ! મૃત્યુ માટે ચિંતા અને નિર્દોષ સેલિમાના

જીવન માટે ચિંતા ! ! ઉપરા ઉપરી અનેક તર્ક વિતર્કોથી મહારૂણનું મસ્તક ભમવા લાગ્યું. અને સાયંકાળ થતાં તો તે સેલિમાની અને પોતાની ચિંતા-માંને ચિંતામાં તદ્દન બ્રમીષ્ટ—ગાંડો બની ગયો. કેમકે એ બન્ને ચિંતાઓ એકત્ર થઇ તેમણે તેના મગજ ઉપર પોતનું બરાબર સામ્રાજ્ય ચલાવ્યું હતું !

ફરી અંધકાર ભાસવા લાગ્યો. ઉપરના છીદ્રમાંથી આવનારાં પ્રકાશ કીરણ સાવ બંધ થઇ ગયાં. તે દારૂણ અંધકારને કૃષ્ણકર્દલ—સમુદ્રની ઉપમા પણ કમી હતી ! મહારૂણ કેટલોક વખત તે છીદ્ર તરફ એક સરખો એકી ટસે જોતો હતો. જેમકે આખો દિવસ પોતાની સંગતીમાં પ્રિયમિત્રની તે વિદાયગીરી લેતો હોય !

વધતાં વધતાં અંધકાર એટલો બધો વધી ગયો કે તેનું વર્ણન કરવું અશક્ય છે. બહાર અંધકાર અને મહારૂણના હૃદયમાં પણ અંધકાર ! ! છેવટે તે અભાગી મહારૂણના ક્લેશની પરવા વધી જોઇને નિદ્રાદેવીને દયા આવી. તેની અપાર વેદનાઓની શાંતિ કરવા માટે તે દોડતી દોડતી આવી. પોતાના કોમલ કરથી તેણે મહારૂણની આંખો મીચી દીધી. નિદ્રાદેવીની કૃપાથી મહારૂણ પ્રકાશ અને અંધકારને ભુલી ગયો, પ્રાણની ચીંતા પણ ભુલી ગયો. પોતાનું શોચનીય અસ્તીત્વ ભુલી ગયો, અને એક જુદાજ સ્વપ્નમય પ્રદેશમાં ભ્રમણ કરવા લાગ્યો. તેને અદ્દભુત સ્વપ્નાભાસ થયો. કે બહુજ પ્રકાશ છવાયો છે. વીણા—બીન—મુરલી આદિ મંજુલ વાદ્યો મધુર સ્વરથી વાગે છે ! પાસેજ પરમાત્માનું સ્વર્ગીય છે ત્યાંથી આલ્હાદકારક મનને મોહ પમાડે એવો સુગંધિત શીતલવાયુ લહરી ચોમેર મંદ મંદ ગતીએ વહે છે ! આસપાસ અત્યંત સુવાસિક પ્રસ્ફુટીત શુભ્ર પુષ્પનો બાગ છે ! બગીચા માંહેના સુવર્ણમય દેખાતા વૃક્ષોપર કરોડો સુંદર સુંદર વિવિધ રંગના પક્ષી મધુર કલરવ કરે છે. અને પુષ્પના સુગંધથી ધમધમી રહેલા વાતાવરણમાં, વચમાં વચમાં સ્વર્ગીય પવનની સુવાસિક વાયુલહરીયો સાથે ઉડે છે ! સર્વ સ્થળે આજે રૂપેરી ચાંદની ખીલી રહી છે. અને તેમાં અતુલ લાવણ્યમયી અપ્સરાઓના ટોળે ટોળાં ફરે છે. આ પ્રમાણે સુખકર સ્વપ્ન જોતાં જોતાં એકદમ મહારૂણની નિદ્રા ભંગ પામી. જાગી ઊઠીને તેણે જોયું તો પોતાના શરીરપર કોઇ હળવે હળવે હાથ ફેરવે છે. એમ તેને જણાયું. તીણા અવાજે મહારૂણે પુછ્યું—“આપ કોણ ? કોઇ સ્વર્ગના દેવ છો કે ?”

“ના. હું દેવ નથી. મનુષ્યજ છું.”

"મનુષ્ય? અહીં શા માટે આવ્યા છો ત્યારે?"

"હું ઇશ્વરે મોકલેલો માણસ છું. મારી ગતી સર્વત્ર અવ્યાહત છે."

"પણ આપ અહીં શા માટે આવ્યા છો? શું મારાપર કાંઇ ઉપકાર કરવા માટે?"

"તારા ઉપર ઉપકાર કરવા માટેજ હું અહીં આવ્યો છું. તારે હવે આ લોકમાં કેટલા દિવસ રહેવાનું છે? તેની કાંઈ તને ખબર છે?"

મહારૂણ દીર્ઘ નિશ્વાસ મુકી બોલ્યો—"હા ખબર છે. બહુ તો બે કે ત્રણ દિવસ? કેમકે અન્નપાણી વિના મરવાની મને શિક્ષા થઇ છે."

"તારો પરલોકપર વિશ્વાસ છે કે?"

"હા."

"તેં કુરાન વાંચ્યુ છે કે? કુરાન ઉપર તારો વિશ્વાસ છે?"

"હા. કુરાન એટલે પ્રત્યક્ષ ઇશ્વરના હુકમના શબ્દો. એવો મારો પાકો તે પર વિશ્વાસ છે."

"પરલોકના પ્રવાસ માટે તે કાંઇ તૈયારી કરી છે કે? રાજદંડ પ્રાપ્ત થએલ મનુષ્યને સ્વર્ગમાં સદ્ગતિ મળતી નથી. એ તને ખબર હશેજ. તને એ સદ્ગતિ પ્રાપ્ત કરાવવા ખાતર આજ હું અહીં આવ્યો છું."

"આપ કોઇ સત્પુરૂષ છો ત્યારે! આપના મારા ઉપર અનંત ઉપકારો છે. હવે મારે શું કરવું તે કૃપા કરી કહો." આમ બોલી મહારૂણ તે પુરૂષના પગે પડવા માટે ફાંફાં મારવા લાગ્યો.

ફકીર દૂર ઉભો રહીનેજ બોલ્યો—"બેટા મહારૂણ બીહીશ નહિ. હું ફકીર છું. મહમુદનો દાસ છું. તને સદ્ગતિ મળવાનો મને એકજ માર્ગ દેખાય છે. તારા આયુષ્યમાં તેં જે જે પાપ કર્યાં હશે, તે જો તું મારી પાસે કબુલ કરશે, તો તે પાપોનાં પ્રાયશ્ચિત્ત આપી, હું તને પાવન કરીશ. અને આમ થશે એટલે રાજદંડ થયો હોય તો પણ તને મરણ પછી નિઃસંશય સદ્ગતિ પ્રાપ્તિ થશે; નહિતર મને લાગે છે કે હું બાદશાહને કહી તારી કારાગ્રહમાંથી મુક્તતા કરૂં."

મહારૂણે સંભારી સંભારીને પોતાનાં ન્હાનાં મ્હોટાં સર્વ પાપો ફકીરને

કહી સંભળાવ્યાં. ફકીર નિસ્તબ્ધ થઇ સઘળું સાંભળતો હતો. તેણે જે ખાસ સાભળવું હતું તેતો મહારૂણના મોઢેથી નીકળ્યુંજ નહિ? ગંભીર સ્વરથી ફકીરે તેને પુછ્યું–"તેં કોઇ દિવસ પરસ્ત્રી હરણ કર્યું છે કે?"

મહારૂણ હીંમતથી બોલ્યો "નહિજ. આખા જન્મમાં એ અઘોર પાપકર્મ મારા હાથથી થયું નથી."

કપટ વેશધારી ફકીર તે સાંભળી ઘણા વખત સુધી વિચાર કરતો હતો. પછી તેણે પુછ્યું–"ત્યારે કોઇ દિવસ તું કોઇપણ સ્ત્રી ઉપર પ્રેમાસક્ત પણ થયો નથી?'

"મહારાજ! આપ સાધુપુરૂષ! સર્વાંતર્યામી—આપને કહેવામાં મને કાંઇ હરકત નથી. એક સ્ત્રી ઉપર હું પ્રેમાસક્ત થયો હતો. પરંતુ જ્યારે મારૂં મન તેનાપર હતું ત્યારે તે પર સ્ત્રી નહતી. હવે તે પર સ્ત્રી થઇ છે!"

"તારાપર તે સ્ત્રીનો પ્રેમ હતો ખરો કે?"

"મારાપર ન્હાનપણામાં તેનો પ્રેમ હતો. ફૂલઝાડની એક ડહાળ ઉપર જેમ બે પુષ્પો એક બીજાને આલીંગીને રહે છે, તે પ્રમાણે સંસારની બાલ્યરૂપ શાખા ઉપર અમે બન્ને હતાં. પરંતુ મારી સાથે તેનો વિવાહ ન થયો. તેનો વિવાહ થયા પછી–તે પરસ્ત્રી થયા પછી–હું તેને ભુલી શકયો નહિ! તેનું સૌંદર્ય મારાં માનસ ચક્ષુ આગળથી ખસ્યું નહિ. અને તેની આશા પણ છુટી નહિ. વળી તે જ્યાં હતી ત્યાં પણ મારો પ્રવેશ થવો અસંભવિત હતો, પરંતુ મોટા કૌશલ્યથી અને કપટ વેશથી હું તેની પાસે જઇને રહ્યો. પરંતુ હું કોણ તેની તેને ખબર પડી નહિ. તેના મનની મેં પરીક્ષા કરી. મારાપર તેના વિશુદ્ધ પ્રેમ શિવાય અન્ય કોઇપણ જાતનો પ્રેમ હતો નહિ."

"ઠીક. તેં કભાવે કોઇ દિવસ તેના અંગને સ્પર્શ કર્યો છે?"

"સાંઇજી! આપ સર્વજ્ઞ છો. તેનો મેં અંગ સ્પર્શ કર્યો છે તો ખરો. પણ તે કુભાવે કે સુભાવે એ મારા મનનેજ સમજાતું નથી. આપજ તેનો નીર્ણય કરો. બાકી મોહ પરવશ થઇ મે તેનું એકવાર ચુંબન કર્યું છે. તે રમણીય રાત્રી હતી. અજવાળું સફેત દેખાતું હતું. તે વખતે તેની અત્યંત મનોહર મુર્તિ જોઇ, મારી મનોવાસનાને હું અટકાવી શકયો નહિ. જ્યાં અતિ સુંદરતા જોઇ મન લોભાય છે, ત્યાં પછી અપવિત્રતા

હોતી નથી. તન્મયતા અપવિત્રતાને ઢાંકી દે છે. આ સર્વ વૃત્તાંત પરમાત્મા પોતે જાણે છે. અને હું જાણું છું. બાકી તે તો બિચારી તે વખતે બેશુદ્ધ હતી. તેને પણ આ વિષે કાંઇ માહેતી નથી. ”

આ હકીકત સાંભળી તે અપરીચીત પુરૂષ ઉઠીને ઉભો થયો. અને મહારૂણનો હાથ પકડી બોલ્યો–“ બેગ્ર મહારૂણ ! બીહીતો નહીં. રાજશિક્ષા પ્રમાણે તને મૃત્યુ આવશેજ. તોપણ તને સદ્ગતિ મળશે. એ હું તને ખાત્રીથી કહું છું. મારા પર વિશ્વાસ રાખ. ફકીરોના આશીર્વાદ કોઇ દિવસ મિથ્યા થતા નથી. તારી મુક્તાનો પ્રયત્ન હું એકવાર કરી જોઇશ. ”

આટલું બોલી તે કપટ વેશ ધારી ફકીરે તે કેદખાનાનો દરવાજો જોસથી ઉઘાડયો. જેનાં બારણાં તે પહેલાંજ ખુલ્લાં થઇ ગયાં હતાં. બહાર આવી તેણે બારણાં પાછાં બધ કરી લીધાં અને કેટલીકવાર સુધી બારણા પાસે ઉભો રહી તે કાંઇક વિચાર કરતો હતો. અસ્ફુટ શબ્દો વડે તે સ્વગત બોલ્યો “ તો પછી આના પ્રાણ લેવા વ્યાજબી નથી. પ્યારી સેલિમા નિ-ષ્કલંક છે. ” આટલું કહેતો તે ફીકર સેલિમાના મહેલ તરફ ચાલતો થયો.

આ ફકીર કોણ હતો ? તે વાચકના જાણવામાં આવ્યુંજ હશે. સેલિમાનો પત્ર શહાજહાને વાંચ્યો નહતો. એ પ્રમાણે પ્રથમ જાણ્યું છે. જીનત બેગમના મુખથી તેણે એ પત્રનો કેટલોક ભાગ મદિરાના નિશામાં સાંભળ્યો હતો. થોડા વખત બાદ તે વારૂણીનો અમલ ઉતર્યા પછી એ સેલિમાનો પત્ર બાદશાહે પોતે વાંચ્યો. સેલિમા પૂર્ણ નિર્દોષ છે એવું જ્યારે મહારૂણ બોલ્યો હતો, ત્યારે તેના શબ્દો ઉપર બાદશાહનો વિશ્વાસ નહતો. પરંતુ સેલિમાએ હું કલંકિની નથી એવું જ્યારે પત્રમાં લખ્યું ત્યારે તેનું બાદશાહના મન ઉપર ઇષ્ટ પરીણામ થયું. સેલિયા એ શાહાજહાનની બહુજ પ્રિય બેગમ હતી. એ ઉપર કહેલુંજ છે. તેના ઉપરનો પ્રેમ એ આ ઇષ્ટ પરિણામને કેટલેક દરજ્જે કારણીભુત થયો એમ કહીએ તો ચાલે તો પણ બાદશાહના મનની શંકા નષ્ટ થઇ નહતી. અને તેના નિર્ણય માટેજ બાદશાહ ફકીરના વેશે કારાગ્રહમાં માહારૂણ પાસે ગયો હતો.

યુક્તિવડે પ્રશ્નો પુછી માહારૂણ તરફથી સર્વ સાચો વૃત્તાંત મેળવ્યા પછી બાદશાહનો સર્વ સંશય દૂર થયો. અને સેલિમા પૂર્ણ નિર્દોષ છે એમ તેને ચોકસ ખાત્રી થઇ. દિલ્હીશ્વરે નિરપરાધી મહારૂણને કરેલ દેહાંત શીક્ષા મોકુફ કરી. તરતજ જેલરને બોલાવી–“ બંદીવાનને પુરેપુરૂં અનપાણી

આપજો અને તેને કોઇ પણ જાતની પીડા ન થાય તેમ તજવીજ રાખજો." એવો હુકમ કર્યો. સઘળા મોગલ બાદશાહોમાં મહાનુભાવ શાહાજહાન અને અકબર બાદશાહ દયાળુ અને પ્રજાના હિતવિષે કાળજી રાખનારા હતા. એવી ઇતિહાસજ સાક્ષી આપે છે. હવે શહાજહાન બાદશાહની મહત્વાં-કાંક્ષાના રસ્તામાં જે જે આડા આવ્યા, તેનો રક્તપાત કરવામાં તેણે આગળ પાછળ જોયું નહી એ ખરૂં. તોપણ તે એવા કોઇ અક્ષમ્ય અપરાધ વગર તે બનતાં સુધી જીવોની ખુવારી કરતો નહિ.

ફકીરનો વેષ પલટાવવા નહીં રોકાતાં શહાજહાન તેજ વેશથી સેલિ-માના મહેલમાં આવ્યો. તેજ તેનો જીવ હતી. કેમકે બીજી સઘળી બેગમોમાં તેના જેટલી બીજી કોઇ તેને પ્રિય ન હતી. સેલિમાને પોતે વ્યર્થ દુઃખ દીધું તે વિશે તેના મનને બહુ ખોટું લાગ્યું. પણ હવે તેનો ભેટો થશે એ વિશે તેની પાસે ક્ષમા માગી, તેના મનનુ શાંત્વન કરવું, મોટા આદરપૂર્વક તેની રીસ ઉતારવી, અવિચારથી પોતે ખોટી શંકા લઇ તેનું કોમલ હૃદય દુખાવ્યું છે તે હર પ્રયત્ને પાછું પ્રસન્ન કરી લેવું, આજે દસ દહાડે સેલી-માને પોતે મળવાથી તે ખુશી થશે, તેને સતોષ થવા માટે પોતાને હવે જરાપણ વહેમ નથી એવુ જણાવી, તેની સિદ્ધતા માટે અને કૃતાપરાધના પ્રાયશ્ચિત માટે આપણે મહારૂણને મુક્ત કરીશું. એવા એવા અનેક વિચાર તરંગો તેના મનમાં રમ્યા કરતા હતા. સેલિમા પોતાના હાસ્યવદને પુછશે. "શહેનશાહ! આજ આપે આ ફકીરનો વેશ કેમ લીધો છે?" તેને પોતે ઉત્તર આપીશું કે "દુનિયાનો રાજા તારા પ્રેમ માટે ફકીર બન્યો છે." આવા સુખમય વિચારોમાં તલ્લીન થઇ ભારત સમ્રાટ શાહાજહાને કોઇ અપરાધીની માફક સેલિમાના મહેલમાં પ્રવેશ કર્યો. પરંતુ માણુસ ધારે છે કાંઇ! અને પરમાત્મા કરે છે કાંઇ!!

પુષ્પ ૭ મું.

અંત્ય દર્શન.

સાથે વસતી વસ્તુની, કિંમત નહિ તે વખત.
પાછળથી અણમોલ થઇ; દિલને દુખવે સખ્ત.

આજે દિવસે મહારૂણ તે ઘોર અંધકારમય કારાગ્રહમાં પોતાના ભવિતવ્ય માટે ચિંતા કરતો બેઠો હતો. ઉપરના છીદ્રમાંથી આવનાર પ્રકાશ કીરણ ઉપરથી બહાર સૂર્યાસ્તનો વખત થએલ હોય એમ તેણે તર્ક કીધો.

કારાગ્રહમાંનો દારૂણ અંધકાર જાણે કે તે હતભાગ્ય બંદીવાનનો નાશ કરવા લાગ્યો હોય તેમ પ્રસરી વળ્યો. ઓરડીના એક ખુણામાં તેના માટે મોકલેલ અન્ન જેમનું તેમ પડેલું હતું, તેમાંથી થોડુંજ તેણે ખાધું હતું. આ અન્નની વ્યવસ્થા કરી આપવા માટે એક પહેરેગીર ત્યાં સવારસાંજ આવતો પણ મહારૂણ તેની સાથે એક શબ્દ પણ બોલતો નહિ.

કેદખાનામાં પડયો તે દિવસથી પોતાની અને સેલિમા બેગમ વિશેની ઘોર ચિંતાયે મહારૂણના મનને એક ક્ષણ પણ છોડયું નહતું. અંતઃકરણનું દુઃખ કોઇને કહેવાથી કમી થાય છે. પણ કમનસીબ મહારૂણ તેમ કરી શકયો નહિ. જેથી તેનું હૃદય તદ્દન દગ્ધ થયું હતું. આ વખતે પણ મહારૂણ ચિંતામાં પડયો હતો ! અસ્ફુટ સ્વરથી તે બોલ્યો—" દયામય પ્રભુ ! હવે કેટલા દિવસ મારે આ અસહ્ય વેદનાઓ સહેવી ? નાગના માથાપરનો મણિ તો મને પ્રાપ્ત થયો નહીં, પરંતુ તેના તીવ્ર દંશથી અપાર વેદનાઓ થઇને હું મરણ શરણ થઇ પડયો છું ! હું તો માત્ર આ કષ્ટજ ભોગવું છું પણ તે નિર્દોષ બિચારી સેલિમાની શું સ્થિતિ થઈ હશે ! કોણ જાણે ! સેલિમા ? સેલિમા ! મારા પ્રમાણે તું પણ કારાગ્રહમાં પડેલ હઇશ કે ? આ જગતમાં ન્યાય નથી ! પ્રેમ નથી ! વિશ્વાસ રહ્યો નથી ! પ્રેમની પવિત્રતા નથી ! પ્રિય સેલિમા ! તું જીવતી છે કે ? મને લાગે છે કે ગુપ્ત ભોંયતળીયે કોઇ ક્રૂર સીદણની તરવાર વડે તારો પ્રાણાત્મા વિસર્જન થયો હશે ! હાય હાય ! સેલિમા ! સેલિમા ! આખરે આ પાપીજ તારા મરણના કારણ થયો ? "

બોલતાં બોલતાં મહારૂણની આંખમાંથી અશ્રુધારા વરસવા લાગી. તે અત્યંત ક્ષુબ્ધ થઇને કોઈ ગાંડા માણસની પેરે " હાય ! હાય ! સેલિમા !

સેલિમા ! " આમ તે ઉંચે સ્વરેથી બરાડા પાડવા લાગ્યો. તે નિઃશબ્દ કારાગ્રહમાં એ કઠોર શબ્દનો પ્રતિધ્વની થઇને ત્યાં સેલિમા ! સેલિમા ! એવો પ્રચંડ નાદ ઘુમવા લાગ્યો.

એકાએક બહાર કોઇ જાતનો શબ્દ થયેલો સાંભળી અન્ન પાણી લઇને પહેરેગીર આવ્યો હશે એવો મહારૂણે તર્ક કર્યો. પહેરેગીરે આવી હાથમાંનું ફાનસ હમેશની જગાએ નિચે મુકયું ફાનસનો તીવ્ર પ્રકાશ મહારૂણથી સહન થયો નહિ. રાત્રી દિવસ ઘોર અંધકારમાં રહેવાથી કોઇ નિશાચાર પશુ પ્રમાણે તેની અવસ્થા થઇ હતી. ઓરડીમાં દીવો આવતાંજ મહારૂણે આંખો મીચી લીધી

પહેરેગીરે હસીને પુછ્યુ—" મહારૂણ ! કેમ છે હવે તને ? "

તે પહેરેગીરનો સ્વાભાવિક પ્રશ્ન મહારૂણના હૃદયને કઠોર બાણ જેવો જણાયો. તિરસ્કાર યુક્ત સ્વરે તે બોલ્યો—" મારા દુખપર આવા ડામ દેતાં તને શરમ નથી આવતી કે ? કોઇ ક્ષુદ્ર કીટક મનુષ્યના પગ તળે કચરાઇને મરી જાય તો પણ માણસનુ શરીર રોમાંચિત થાય છે, અને તું જાણી જોઈ આ માણસ જેવા માણસને આવી રીતે દુઃખ દે છે ? તારા હૃદયમાં દયા કાંઇજ આવતી નથી કે ? "

પહેરેગીર બોલ્યો—" મહારૂણ આમ વ્યર્થ બોલવાથી શું ? તારીપર દયા કરવાનું મારી પાસે શું સાધન છે ! અમે શું ? હુકમના તાબેદાર ! તને અનાજ પાણી ન આપવા બાદશાહનો સખત હુકમ છે. પણ તારી દયા આવવાથી હું આ અન્ન પાણી તને લાવી આપુ છું "

તેનું આ કહેવું સાંભળી મહારૂણ તિરસ્કારથી હસી પડયો. " તારૂં તે અન્ન પાણી પાછું લઇ જા. મને તેની જરૂર નથી. આજે સવારે જે તું લાવી રાખ્યુ છે, તે બધું જેમનુ તેમ પડયુ છે તે પણ લઇ જા. "

" શું અત્યાર સુધી તેં કાંઇ જ ખાધું નથી ? "

" ખાવાનું કારણ નથી. જેને જીવવામાં સુખ હોય છે તેને ખાવા પીવાની જરૂર હોય છે. પણ મને તો મરવામાંજ સુખ જણાય છે. આ અનાજના બદલે જો તું મને ઝેર આણી આપીશ, તો મારાપર તારો મ્હોટો ઉપકાર થશે, ભાઇ ! "

આ વખતે પહેરેગીરે જવા માટે લોઢાના દરવાજા ઉઘાડયા હતા. તે એ દરવાજા વચ્ચે ઉભો રહી મહારૂણ તરફ જોતો જોતો માથુ હલાવી હસતો હસતો બોલ્યો - " તેણે ઝેર પીને આત્મહત્યા કીધી તેમ તુ પણ ન કરે તો તારા પ્રેમને કલંક નહિ લાગશે કે ? "

પહેરેગીરને આગળ બોલવાને વખત મળ્યો નહીં. તેનું આ ઉપહાસાસ્પદ ભાષણ સાંભળી ક્રૂર સીંહની પેઠે કુદકો મારી મહારૂણે તે અર્ધું ઉઘાડેલું બારણું બંધ કર્યું. બિચારો પહેરગીર તે બે બારણાની વચમાં સપડાવાથી એક ક્ષણમાં કચરાઇ ગયો. તેના પંચપ્રાણ સ્વર્ગસ્થ થયા. થોડા વખત પછી મહારૂણે દરવાજો ઉઘાડ્યો. તે હતભાગી પહેરેગીરનો મૃતદેહ એકદમ તે કેદની ઓરડીમાં ઢળી પડયો. મહારૂણ પોતાનું દેહભાન ભુલી ગયો! આવેશમાં આવીને અઘોર કૃત્ય કર્યા પછી હવે તેને શું કરવું તેની સુઝ પડી નહીં. તે જ્ઞાનશૂન્ય બની ગયો. પરંતુ થોડાજ વખતમાં જુસ્સો કમી થવા પછી તે શુદ્ધિપર આવ્યો. ત્વરા કરી તેણે પહેરેગીરનો પાયજામો અને અંગરખો વગેરે સર્વ પોશાક પહેરી લઇ પોતે બરાબર પહેરેગીર બન્યો. કમરનો પટ્ટો, તેમાં લટકતી તરવાર, ખભા ઉપરનો પટ્ટો વિગેરે બરાબર જ્યાંનું ત્યાં પહેરી લીધું. પટાપર એ કમનસીબ મરનાર પહેરેગીરનુ નામ લખેલ હતું. તે મહારૂણે દિવાના પ્રકાશમાં વાંચી ધ્યાનમાં રાખ્યું. પછી ફાનસ હાથમાં લઇ તે કપટવેશધારી પહેરેગીર કારાગૃહની બહાર નિકળ્યો, બહાર આવતાં દરવાજો પાછો બંધ કરી લેવાનું મહારૂણ ભુલ્યો નહતો. ત્રણ દરવાજામાંથી નીકળ્યા પછી મહારૂણ એક ગુહાના દ્વાર પાસે આવ્યો, આ ત્રણે દ્વારો તે પહેરેગીરે અંદર આવતી વખતે ઉઘાડાં મુકયાં હતાં. તે એક પછી એક સર્વ દ્વારો મહારૂણે બંધ કર્યાં, પછી એક પથરની સીડી ચડીને તે ઉપર આવ્યો. બહારની શુદ્ધ મોકળી હવાનો સ્પર્શ થતાંજ મહારૂણ આનંદથીજ પોતા સાથે બોલ્યો—" વાહવા ! શાબાશ ! સઘળી મહેનત અને કપટનું સાર્થક થયું, એકવાર એ વાઘના પંઝામાંથી છુટયો ! "

તે પહેરેગીર સેલિમા વિશે જે કાંઇ બોલ્યો હતો, તેથી મહારૂણનું મન તદન ભ્રમિષ્ટ થઇ ગયું હતું. " સેલિમા ! સેલિમા ! તેં ઝેર પીઇને ખરેજ પ્રાણ ત્યાગ કર્યો ? મારા અપરાધથીજ તને મરવુ આવ્યું ? હાય ! હવે આખા ભવમાં એકવાર પણ તારાં દર્શન થશે નહિને ? અરેરે !! "

બહાર સામેજ એક મોટુ આંગણું આવ્યું. હળવેજ સ્થિરતાથી તેમાંથી તે ચાલ્યો ગયો. પછી એક ચોકી આવી ત્યાંથી જતાં તેને કોઇયે પુછ્યું " કોણ છે ? "

મહારૂણે શાંત પણે ઉત્તર આપ્યો—" પહેરેગીર મહમદહુસેન "

ફરી તેને કોઇએ પુછ્યું નહિ. પાસેજ સેલિમાનું અંતઃપુર હતું, પહેલાં તે મહેલની પ્રત્યેક બારીમાં દીવા થતા પણ આ વખતે તેના ચોથા ભાગના દીવા પણ પ્રગટેલા નહતા. હળવે હળવે મહારૂણ અંતઃપુરના દરવાજા સુધી

ગયો. જતાં જતાં તે સ્વગત બબડયો—" સેલિમા ! ખરેજ કે તું આ જગત છોડી ગઇ હોઇશ ? કે મને ખીજવવા તે પહેરેગીર ખોટું બોલ્યો હશે? હવે માત્ર એકવારજ આંખ ભરી તારાં દર્શન કરીશ. મારા આ જન્મની છેલી ઇચ્છા પૂર્ણ કરી હવે હું ચાલ્યો જઇશ. ફરી તારા સુખની આડે હું કોઇ દિવસ આવીશ નહિ. તું અને તારો ભાગ્યવાન પતિ સુખેથી ચિરકાલ રહો. આ અધમ ફરી તમારા સુખમાં કોઇ દિવસ કંટકરૂપ થશે નહિ. "

દરવાજામાં પેસતાંજ મહારૂણની નજરે જે દેખાવ પડયો, તેથી તે સ્તંભીતજ થઇ ગયો. તેનું હૃદય કંપવા લાગ્યું. વક્ષ સ્થળમાં લોહી જોસબંધ ઉછળવા લાગ્યુ. મસ્તક ભ્રમવા લાગ્યું. તે દેખાવ જોઇને તે સ્તબ્ધજ બની ગયો. આશરે સો સવાસો લોકો હાથમાં બળતી મસાલો લઇને સીંહદ્વાર તરફ આવતાં જણાયા—સઘળો માર્ગ સૈનિકોયે રોકયો હતો. વચમાં કોઇના મૃતદેહના સુસજ્જીત જનાજો ખભાપર લઇને કેટલાક માણસો ચાલતા હતા. સર્વત્ર શાંતતા હતી ! એટલા બધા લોકસમૂહમાં કોઇના મોઢામાંથી એક શબ્દ પણ નીકળતો નહતો. પ્રેતની આગળ અને પાછળ ચાલવાવાળા લોકોના હાથમાં ઉઘાડી તરવારો હતી. મશાલવાળા લોકો પણ સાથેજ ચાલતા હતા. તેની મશાલોનો પ્રકાશ સીપાઇઓએ ઉઘાડેલી તરવારો અને બહુમલ્ય રત્નમણિયુક્ત આવરણ વસ્ત્રોપર પડવાથી તે ચમકી રહ્યાં હતાં.

મહારૂણને નિમિષમાં સર્વ ખબર પડી કે સેલીમા આ દુષ્ટ મૃત્યુભુમી છોડી, ક્યારનીયે સ્વમાર્ગમાં પહોચી ગઇ હતી ! તે અભિમાની પતિ પ્રેમનિરતા સેલિમા આત્મહત્યા કરી, આવેલ મિથ્યા ઘોર કલંકમાંથી મુક્ત થઇ. પણ તેના આ મૃત્યુને માટે કારણ કોણ ?

મહારૂણનું હૃદય વિકલ થઇ શતધા વિદીર્ણ થયું. ગયા બે દિવસમાં અન્નનો સ્પર્શ પણ નહતો, એમ કહીયે તો ચાલે. તેમાં લાગલોજ આ હૃદય વિદારક દેખાવ તેની નજરે પડયો. જેથી તે ચેતનાવિહીન થઇ જડપિંડ જેવો બની ગયો. મંત્રમૂઢ થએલા એકાદા માણસની પેઠે વિદગ્ધ હૃદયે મહારૂણ તે પ્રેત જાત્રાની પાછળ હળવે હળવે દુર્ગદ્વારની બહાર નીકળ્યો.

થોડો વખત રસ્તો કાપ્યા પછી તે ગંભીર શબ્દ કરતી વહેતી નદીના કિનારા ઊપર સર્વે આવી પહોચ્યા. સુમારે રાત્રીનો બીજો પહોર થયો હતો. તે વખતના ભીષણ અંધકારમાં એ સ્થાન બહુ ગંભીર દેખાતું હતું. સૃષ્ટી સુંદરીયે અનુપમ ગંભીર સૌંદર્ય ધારણ કર્યું હતું. જે હજારો માર્ગોથી દગ્ગોચર થતું હતું. ચારે તરફ ખીલી રહેલ વન પુષ્પોનો વાસ પ્રસરી રહ્યો હતો. નદીના મોટા વૃક્ષોના અગ્ર ઊપર—શાખાઓ ઊપર—પલ્લવો ઉપર માણેક

પ્રમાણે વચમાં વચમાં પતંગીયા ચમકતા હતા. પર્વતો ઉપરથી મંદમંદ વહેનારો શીતલવાયુ આસપાસના દરેક વૃક્ષલતાના સુગંધી પુષ્પોનું નિઃશબ્દતાથી ચુંબન લઇ તેને ચકિત અને કંપીત કરતો હતો. અને કોઇ સાધુ પુરૂષ પ્રમાણે મેળવેલો સુગંધનો ખજાનો બીજાને અર્પણ કરતો હતો.

તે કૃષ્ણ પક્ષની રાત્રી હતી. હજુ ચંદ્રોદય થયો નહતો. આકાશ [illegible] વચમાં વચમાં મેઘાડંબર દેખાતું હતું. નક્ષત્રો નથી.! ચંદ્રનો પ્રકાશ ન[illegible]! ચોમેર અંધકાર !! આ વખતે તે અંધકાર જેમકે મૃત્યુનું એક બી[illegible] સ્વરૂપજ દેખાડતો હતો. સેલિમા મરણ પામી એટલેજ આજે પ્રકૃતિ–કુદ[illegible] આવું ઉદાસીન સ્વરૂપ ધારણ કર્યું હતું. હિમબિંદુના મિષે તે અશ્રુ [illegible] સરજન કરતી હતી. વાયુના રૂપે દીર્ઘ નિશ્વાસ નાખતી હતી. કૃષ્ણ વ[illegible] પરિધાન કરી સેલીમાને ઉચકી જવા માટે આજે પ્રકૃતીદેવી ક્રુદ્ધ [illegible] આવેલ હતી.

મશાલવાળાઓ તે નદી તીર ઉપર પ્રશસ્ત ઠેકાણે આવીને ઉભા ર[illegible]. તેમની પાછળ શસ્ત્રધારી સૈનિકો ઉભા રહ્યા. જનાજો લાવનારાએ તે [illegible] મુકયો. પ્રેતની ચારે બાજુ ઘણી જગા રાખી હતી. અને મઘળાઓ કોઇ[illegible] પણ આવવાની રાહ જોતા હતા.

ચંદ્રોદય થયાને ઘણો વખત ગયો. તે વખતે મોતી મહેલના [illegible] દ્વાર પાસે એક મશાલનો પ્રકાશ દેખાયો. નિયમીત વખત થયો એમ [illegible] ખબર પડી. સીપાઇ અને બીજા લોક અદબથી ગોઠવાઇ ગયા. એ[illegible] ચાર મૌલવી સાથે દિલ્હીશ્વર શાહાજહાન પોતે ત્યાં આવી પહોચ્યો. સૈ[illegible] શસ્ત્રો નીચે નમાવી તેને સલામી આપી. સઘળા નિસ્તબ્ધ હતા. એક [illegible] ઉચ્ચાર પણ તે વખતે કોઇના પણ મોઢામાંથી નીકળતો નહતો.

પ્રેતને સમાધી આપવાની સઘળી તૈયારી પ્રથમથીજ કરેલી હતી. અંધકાર વિભૂષિત સ્તબ્ધ નિસર્ગની શાંતતો ભંગ કરી મૌલવી અતી ગંભીર સ્વરથી કુરાન શરીફ માંહેના શાંતિસૂચક પાઠ ભણવા લાગ્યા. જનાજા ઉપર ઘણી જાતની પુષ્પ માલાઓ હતી. કબરની અંદરના ભાગ[illegible] પણ નીચે સુગંધી પુષ્પની સુવાસિક માલાઓ ટાંગવામાં આવી હતી. [illegible] પ્રમાણે તેમાં બહુ મૂલ્ય સ્તંબુલ, અગરૂ–વીગેરે સુગંધી દ્રવ્યો પણ નાંખ્યાં હતાં. એ ડુંગરાળ પ્રદેશ ઉપર જાણે કેમ સ્વર્ગનો સુગંધ પ્રસરી રહ્યો ન હોય ?

સેલિમાનો મૃત દેહ બહાર કહાડી, તેને સુવાસિક ગુલાબજળથી સ્નાન

કરાવ્યું. પછી અગરૂ–ચંદન–કસ્તુરી–અંબર વગેરે સુગંધી પદાર્થોનું તે અનુપમ સુંદર દેહ ઊપર લેપન કર્યું. છેવટે સેલીમાનું પ્રેત કબરમાં મુકવામાં આવ્યું. જે વખતે બાદશાહને પ્રેમનો ઉભળકો આવ્યો. તે બોલ્યો—

"સેલિમા ! હવે જાય છે ને ? આહતભાગીયાને મુકીને ચાલી નીકળી કે ? હવે તારો સ્વર્ગમાંજ ભેટો થવાનો ? તારાપર હાય–જેણે અત્યાચાર કીધો છે તેનું દેહાંત પ્રાયશ્ચિત્ત લેતાં પણ નિહસન થશે નહિ ! ઓ પ્રભુ !"

બાદશાહના નેત્રમાંથી એચાર અશ્રુબિંદુ સોલમાની સમાધિ ઊપર પડયાં. એક દીર્ઘ ઉષ્ણ નિશ્વાસ નિકળી તેની મર્માંતિક વેદનાઓ સાથે બહારના શીતળ વાયુમાં ભળી ગયો. પરંતુ તેના દીર્ઘ નિશ્વાસોથી અને ઉષ્ણ અશ્રુ બિંદુઓથી તેના હૃદયની વેદનાઓ અને મર્મ જવાલાઓનું પૂર્ણ જ્ઞાન થવું કોઈ દિવસ શકય ન હતું. પ્રેતને ભૂમીદાહ આપ્યા પછી સર્વ મંડળ ખીન્ન વદને પાછું ફર્યું.

આજે તે સુવર્ણમય મોતીમહાલય શૂન્ય બન્યો ! કેમકે જે સ્વર્ગીય જ્યોતિથી તે પરીપૂર્ણ હતો, તે જ્યોતિ ત્યાંથી અંતર્ધાન થઇ હતી.

સેલીમાના મૃત્યુને પંદર દિવસ થઇ ગયા. તે દિવસો બાદશાહે તદ્દન એકાંતમાં વિતાવ્યા–તે કોઇની સાથે વધારે બોલ્યો પણ નહિ. હમેશ ચિંતાક્રાંત થઇ બેસતો. એટલા દિવસોમાં તે સેલિમાના મોતી મહાલયમાંથી બીલકુલ ખસ્યો નહિ. તેનુ હૃદય અનુતાપ જવાલાથી બળતું હતું. સેલીમાના મૃત્યુને કેવળ આપણેજ કારણ થયા છીયે એ વિચાર વૃશ્ચિકદંશની પેઠે તેના અંતઃકરણમાં અત્યંત વેદના કરતો હતો. સેલિમાનો મોતી મહેલ હવે શહાજહાનને દેવસ્થાન પ્રમાણે પૂજ્ય થયો હતો. તેની સુંદર મૂર્તી પોતાના હૃદયમાં સ્થાપી, ક્ષણે પ્રતિક્ષણે તે તેનુ ચીંતન કરતો. પરંતુ જે સુવર્ણસમ મહેલમાં આજ સુધી તેણે આનંદમાં કાલક્રમણ કરી, તેજ જગોએ હવે તે શોકમાં દિવસ વીતાડવા લાગ્યો.

બાદશાહના મુખપર બિલકુલ હાસ્ય નથી. અશ્રુથી આંખો ભરાયેલી છે. પ્રેમ ચેષ્ટા નથી. વિચાર વિરહ પ્રાપ્ત થયો છે. પ્રીતી નથી. અનુશોચનાથી હૃદય ભારાક્રાંત થયું છે. અંતરમાં ઉજ્વલ પ્રકાશ નથી. ચિર અંધકાર વ્યાપી રહ્યો છે. દેવી અંતર્ધાન પામી ગઇ છે. તેના શૂન્યાસન ઊપર બેસી માનવી મૂર્તી શોક કરે છે ! સુગંધી દીપથી પ્રજ્વલીત થએલ સુવર્ણ મંદીર આજે દુર્ગંધમય સ્મશાન બનેલ છે ! !

શહાજહાન સેલિમાની પરિત્યક્ત શય્યાઉપર પડી, કોઈ દિવસ શૂન્ય

દૃષ્ટિથી ગવાક્ષમાંથી સહિસુંદરીનું સુંદર રૂપ જોવા બેસતો. પરંતુ તે સૌંદર્યનો તેના ઉદાસી મન ઉપર કાંઇજ પરીણામ થતો નહિ. કદીક ગંભીર રાત્રીની વખતમાં તે સુનીલ આકાશપટ તરફ વિમનસ્કતાથી જોવા બેસતો. પરંતુ તે તારકમણિ મંડિત આકાશનું સૌંદર્ય તેના શૂન્ય મન ઉપર આનંદ દાઇ નિવડતું નહિ. છેવટે કંટાળીને તે પોતાના અવિરલ નયનાશ્રુઓથી શૈય્યા ભીંજાવી મુકતો. પ્રિયતમ સેલીમા માટે નિરવ અશ્રુ ઢાળવામાંજ તેના હૃદયને ખરૂં સમાધાન જણાતું. સેલિમા સ્વર્ગવાસીની હોવાથીજ શહાજહાન આકાશ તરફ દૃષ્ટિ કરી ઉદાસીનતામાં બેસતો. આકાશમાં એટલાં નક્ષત્રો ચમકતાં પરંતુ તેમાં શહાજહાનને કોઇ દિવસ સેલિમા દૃષ્ટીયે પડી નહિ. અને સેલીમા ત્યાં હશે તો પણ આપણા સરખા પાપીને તે શા કારણે દર્શન આપે? એમ તેને લાગતું.

તે શૂન્ય મહેલમાં—પ્રતિમા વિસર્જીત શૂન્ય મહાલયમાં સેલીમાની દરેક વસ્તુ જેમની તેમ પડી હતી. તેનો બીન હતો. સતાર હતી. માત્ર સેલીમા નહતી! તેની મૌક્તિક માલા હતી. તેનો રત્નખચિત કમરે બાંધવાનો પટો જેમનો તેમ પડયો હતો. સેલિમા માત્ર નહતી! આધાર રહ્યો હતો—આધેય નહતું. પ્રેમ રહ્યું નહતું. માણસ રહ્યું નહતું. સંગીતનો ઝણકાર રહી ગયો હતો. સંગીત નહતું. સુવાસ રહ્યો હતો. પુષ્પ કરમાઇ ગયું હતું. સૌંદર્ય ગુણનું જે નિધાન તે માત્ર રહ્યું નહતું. સ્મૃતી રહેલી હતી. બાદશાહને દીર્ઘ શોક નિશ્વાસ અને કરૂણ રૂદન એજ આ વખતે કાર્ય હતું!

હમણાં જીન્નતબેગમનું કોઇએ નામ લીધું કે બાદશાહની પગતળની આગ મસ્તક સુધી પહોંચતી. એક દિવસે જીન્નતબેગમે બાદશાહને મળવા વિશે પુછાવ્યું. એ સાંભળતાંજ શહાજહાને ખીજાઇને ઉત્તર આપ્યો કે—"તેને હડકાયા કુત્રાંઓથી ફાડી નંખાવો." એવો હુકમ આપ્યો. આ હકીકત જીન્નતને કાને પડતાંજ તે બીહી ગઇ. આપાણું જીવીત અહીં સુધરશે નહિ એમ ધારી તે કાસ્મીર છોડી ગુપ્ત રીતે દીલ્લી તરફ નીકળી ગઇ.

"સેલીમાના ઘોર મરણને હું કારણ થયો છું. તેના વિશે વ્યર્થ શંકા લઈ મેંજ તેને નષ્ટ કીધી. મારા જેવો સ્ત્રી ઘાતકી આખી દુનિયામાં બીજો કોઇ હશે નહિ." આવા વિચારો શહાજહાનના હૃદયમાં હમેશા કંટક આપક ખુંચતા હતા. બાદશાહ પાસેના અધિકારીયોએ તે દુઃખ વિસારે પડે માટે ઘણા પ્રયત્ન કર્યા, પરંતુ તે વ્યર્થ ગયા. મૂર્ખ લોકો! પ્રેમ અને અનુતાપના માર્મિક ઘાય શું એવી રીતે રૂઝાતા હશે?

પ્રબળ શોકાનલથી મહારૂણુને કેદમાં નાંખ્યાની વાત બાદશાહ તદન ભૂલી ગયો હતો. સેલિમા બદલના શોકથી તેમજ તેની સમાધીના વ્યવસાયમાં ગુંચાઇ જવાથી બાદશાહને મહારૂણ વિશે બાતમી મળવા વખતજ ન હતો. કેટલાક દિવસ પછી તેને એ કમનસીબ બંદીવાન યાદ આવ્યો. જેલરને પુછતાં તેણે જવાબ આપ્યો કે—"બંદીવાને સ્વેચ્છાથી અન્ન પાણી વર્જીત કરીને પ્રાણ ત્યાગ કર્યો. અર્થાત્ સાચી વાત બાદશાહને મળી નહિ.

પહેરાવાળાને ઠાર કરી કારાગૃહમાંથી કેદી નાશી ગયો, એ ખબર બીજે દિવસે જેલરને મળ્યા; પરંતુ બાદશાહને કાને આ વાત જવાથી પોતાના તથા પોતાના હાથ નીચે જે રક્ષકો છે, તેના પ્રાણ ગયા વગર રહેશે નહિ એવી ભીતી તેના મનમાં હોવાથી અંદરને અંદર દાબા દાબી કરી જેલર અને બીજા પહેરાવાળાયે એવી વાત ઉડાવી કે—"કેદી અન્નપાણી ત્યાગ કરી મરી ગયો." શોકાકુલ બાદશાહનો પણ આ વાત ઉપર વિશ્વાસ બેઠો. જેથી એ બાબતમાં તેણે વધારે પુછપરછ કરી નહિ. ઘણા દિવસ શહાનજહાન પોતાની પ્રિય બેગમ સેલિમા માટે અશ્રુ વિર્સજન કરતો રહ્યો.

પુષ્પ ૮ મું.

પરીચીત સંગાન.

સંગિત અમૂલ ઇશની, દેનર્ગી દુનિયા માંય,
દુખમાં પણ શાંતી દિયે, ભુત્રને કે મનમાંય. ૮

મનુષ્ય સુખમાં હેય કે દુખમાં હોય, પણ કાળ તો આગળને આગળ ચાલ્યોજ જાય છે. સેલિમાના મૃત્યુને આજ વીસ પચીસ વર્ષ થયાં હતાં. શહાનજહાન સ્રાષ્ટક્રમ પ્રમાણે પોતાના વ્યવસાયમાં મગ્ન હતો ખરો, પરંતુ ઉપરાઉપરી સેલિમાની સ્મૃતિ તેને જાગૃત હતી. હાલ તે ગ્રિષ્મકાલ નિમિતે ઘણા વર્ષે કાસ્મીર આવેલો હતો. પોતાની પ્રિયાની કબરનું દર્શન લઇ મનમાં પ્રજલતા અગ્નીને કાંઇક શાંત પાડવો, એવી અનિવાર્ય ઇચ્છા હોવાથીજ આજે બાદશાહ કોઇને પણ સાથે ન રાખતાં, અંતઃપુરમાંથી બહાર નીકળી તે શાંત નદીતીર ઉપર આવ્યો. તે ગંભીર નિશાકાળમાં એ દીન ડુંગરાળ પ્રદેશમાંથી જતાં શહાજહાનનું કઠણ હૃદય પણ કંપીત થયું. કૃષ્ણપક્ષની રાત્રી પોતાના સર્જીલવર્ણ પલ્લવમાં છુપાઇ

અંગુલી નિર્દેશ કરી બોલતી હોય કે "આ જુવો સ્ત્રી ઘાતકી પાપી મનુષ્ય આ તરફ આવે છે." એમ તીણા સ્વરનો બાદશાહને આભાસ થતો હતો. તારાગણવેષ્ટીત નીલ નભોમંડલમાં બેસીને—"આવો, પધારો પ્રાણનાથ! અહીં ઉપર સ્વર્ગમાં આવો, એટલે મારો ભેટો થશે. આપ મારી કબર તરફ જાઓ છો, પણ ત્યાં મારી માટી શિવાય બીજું કાંઇ નથી. જો મારૂં સાચું મીલન આપને જોઇતું હશે, તો આપને અહીંજ આવવું પડશે." ઇત્યાદી ભાવ તારા ગણો કરતા હોય તેમ ઝબકતા હતા. નિશાકાલી મંદ સમીરણ કંપીત સ્વરથી બાદશાહની જેમકે નિર્ભત્સના કરતો હોય કે "ના—ના. તું તદન અવિશ્વાસી છે. તારો આ પ્રેમ પહેલાં કયાં સંતાઇ ગયો હતો?" ઇત્યાદિ અનેક મનતરંગોના પ્રતિધ્વની તેને કુદન્તમાં કળાતા હતા.

તે શુકલપક્ષ હતો. વૃક્ષોના પલ્લવો ઉપર-લતાવેલીયો ઉપર—શ્વેતોત્પલમયી ગિરી નદીના પ્રવાહમાં—અને પાસેની સંગેમરમરી પથ્થરથી બંધાયેલ સેલિમાની કબર ઉપર કોમલ ચંદ્ર પ્રકાશ છવાયો હતો. આ દેખાવ જોઈ શહાજહાનનું શોકાતુર હૃદય જરા પ્રસન્ન થયુ, શીતલ ચંદ્ર પ્રકાશથી કોનું મન પ્રસન્ન થાય નહિ?

એટલામાં એકાએક રાત્રીનો તે ગંભીર નિસ્તબ્ધતાનો ભંગ કરી મુરલીનો અતિ મધુર ધ્વનિ શહાજહાનને કાને આવ્યો. તે નિર્જન પહાડ ઉપર કેટલાંક ગિરીકંદરોમાં તે પ્રશાંત વહેનારી નદીના ગર્ભમાં મુરલીનો કરૂણ રવ પ્રસરી રહ્યો હતો. તે સકરૂણ વિલાપયુક્ત સંગીત સાંભળી બાદશાહના પ્રાણ પ્રેમ—વ્યાકુળ થયા. તે શ્રુતીનો જાણે મનોહર નાદ સાંભળતો હળવે હળવે શહાજહાન સેલિમાની કબર તરફ જવા લાગ્યો.

એક સઘનપલ્લવયુક્ત વૃક્ષ એ પ્રણયમૂર્તિની સમાધીને આચ્છાદન કરી રહ્યો હતો. તે વૃક્ષના પલ્લવોમાંથી બાદશાહે જોયું, તો તેને એક આશ્ચર્યકારક દેખાવ નજરે પડયો. સેલિમાની સમાધી ઉપર એક મનુષ્યમૂર્તિ બેઠી હતી.

દિલ્લીશ્વરના શરીરપર વિસ્મયથી રોમાંચ ઉભાં થયાં. આ ગંભીર નિશા કાલમાં કબર ઉપર કોણ બેઠેલ છે? એનો નિર્ણય તેનાથી થયો નહિ. હિંમતથી તે એ કબર તરફ જવા લાગ્યો. વરસાદનું પાણી વહેતાં વહેતાં જમીનમાં એક ખાડો પડેલ હતો, જે ઓળંગવા તે જતો હતો એટલામાં તેના પગ નીચેના પાણાઓ ખસી જઇ એક ગડગડાટનો અવાજ થયો. બાદશાહની નજર આ વખતે સહેજ નીચે ગઇ. થોડા વખત પછી બાદશાહે પાછું ઉંચું મોઢું કરી જોયું, તો શું આશ્ચર્ય? કબર ઉપરની માનવી આકૃતી ક્યાંઇ અદૃશ્ય થઇ ગઇ! તે જોવામાં આવી નહિ.

શહાજહાન આશ્ચર્ય ચકિત બની ગયો. તેણે વિસ્મયપૂર્ણ નેત્રોથી ચોમેર જોયું. પણ કોઇ ક્યાંય જોવામાં આવ્યું નહિ. દિલ્લીપતી આગળ કબર પાસે ગયો. પાશે ગયા પછી માલુમ પડયું કે એ કબર (સમાધી) ની બન્ને બાજુએ કાળા અને ધોળા પથરનો ઢગલો પડયો હતો. કાળા પથ્થરમાં ધોળા પથ્થર બેસાડી કોઇ અજ્ઞાત માણસે અક્ષર રચના કરી હતી. બાદશાહે જરા વાંકા વળી સ્વચ્છ ચંદ્ર પ્રકાશમાં વિસ્મિત ચિત્તે જોયું ત્યાં સમાધીની બન્ને બાજુ ફારસી અક્ષરમાં લખ્યું હતું કે—

"સેલિમા." "મહારૂણ."

સમાધી ઉપર ભેળાં કરેલાં પુષ્કળ વન પુષ્પો દેખાવામાં આવ્યાં. જરા ઝીણી નજરે જોવાથી શહાજહાનને ખબર પડી. કે ધોળા પુષ્પોમાં પણ રાતાં પુષ્પો ગોઠવી કોઇએ અક્ષર રચના કરી હતી કે—

"સેલિમા." "મહારૂણ."

ઉપરોક્ત પ્રકાર જોઇ શહાજહાન આશ્ચર્યથી—બીતીથી સ્તંભિત થયો. તે જનશૂન્ય ડુંગર ઉપર ઉભો રહીને રાડ પાડી બોલ્યો—"મહારૂણ! મહારૂણ! તું કયાં છું? એકવાર તો મને દર્શન દે. મે તને ઓળખ્યો નથી. તું હાલ સ્વર્ગમાંનો પુણ્યાત્મા પ્રાણી છો! મારી પ્રીયતમ સેલિમાનું વર્તમાન મને ફરી સંભળાવ—અને આ વિરહાગ્નીથી બળેલ શહાજહાનનો સંદેશો તે સુંદરીને સ્વર્ગમાં સંભળાવ. મહારૂણ! મારાપર એટલી કૃપા કર. હું દુનિયાનો બાદશાહ ખરો, પણ આ માગણી તારી પાસે કરૂં છું. એટલી મારી નમ્ર વિનંતી માન્ય કર.

કોઇ આવ્યું નહીં અને શહાજહાનની વિનંતીનો કોઇએ ઉત્તર પણ આપ્યો નહિ. બાદશાહના શબ્દોનો પ્રતિધ્વની થઇ પાછો શાંત વાતાવરણમાં લય પામ્યો! ફરીને પર્વત પ્રદેશ શૂન્ય થયો! જે વખતે જ્યોત્સ્ના હસતી હતી.

જ્યોત્સ્નાનું તે મધુર સ્મિત બાદશાહને ઝેર સમાન લાગ્યું. બની આવેલ બનાવથી તે વિસ્મિત થઇને તે ધીમે પગલે પાછો રાજપ્રાસાદ તરફ વળ્યો

બાદશાહ થોડો દૂર આવ્યો એટલામાં સમાધી સ્થાન તરફથી ફરી મધુર સંગીત લહરી તેના કર્ણપટ ઉપર આવી. પરંતુ આ વખતે મુરલી વાગતી નહતી—પણ જાણે ગંધર્વના કંઠમાંથીજ તે સંગીત ઉત્પન્ન થતું હતું!

શહાજહાન ઉભો રહી સાંભળવા લાગ્યો—ગાયનના અક્ષરો સ્પષ્ટ સાંભળવામાં આવતા હતા. કોઇ કોમલ કંઠથી સ્વર કાઢી ગાતું કે—

"દુખીયા મે કૈસે કહું મેરે સજની!"

આ સંગીત તો બાદશાહના પૂર્ણ પરીચયનું હતું. સેલિમાના મધુર કંઠથી આ ગીત બાદશાહે હજારો વખત સાંભળ્યું હતું. પરંતુ આ પ્રમાણે તે કોઇ દિવસ આટલો પ્રણય વ્યાકુળ થયો નહતો.

મોતી મહાલયમાં આવી બાદશાહ શ્રાંત ચિત્તથી પલંગપર પડયો, તો પણ તેને શાંતિ પ્રાપ્ત થઇ નહિ. મોતી મહાલની ઉઘાડેલ બારીઓમાંથી તે મધુર સંગિતાલાપ હજુ સંભળાતો હતો. આ પ્રમાણે પ્રતિરાત્રે તે નદી નીરસ્થ સમાધી સ્થાન તરફથી કદી મંજુલ મુરલી ધ્વની તો કોઇ દિન કંઠથી નીકળતું સંગીત સાંભળવામાં આવતું. સેલિમાના વિરહની મર્મ જ્વાલાઓથી હવે કાશ્મીર છોડી જવું એમ શાહાજહાનને લાગ્યું. થોડાજ દિવસમાં તે દીલ્લી રવાના થયો.

ઘણા દિવસ સુધી કાશ્મીરના તે ડુંગરાળ પ્રદેશમાંથી લોકોને સેલિમા બેગમના સમાધી સ્થાન તરફથી તે કરૂણાજનક નિશાગીત અને મધુર મુરલી રવ સાંભળવામાં આવતો. એ લોકો તે સંગીત સભય ચિત્તથી સાંભળતા. પરંતુ સાહસ કરી કોઇએ પણ એ વાતનું રહસ્ય શું છે? તે જાણવાનો પ્રયત્ન સરખો પણ કર્યો નહિ, એ ઘટના અલૌકિક છે એવો સમજ ઘણા દિવસ સુધી ત્યાં પ્રચલિત હતો.

પ્રેમમસ્ત મહારૂણ અને સેલિમા સ્વર્ગીય પ્રેમમાંજ વિલીન થયાં! દૈવહીન બાદશાહ બિચારો સ્વર્ગની સુંદરીના વિરહમાં ક્ષીણતા પામ્યો!! ટુંકી નવલ કથા પ્રેમમાં ઉત્પત્તિ પામી તેનાંજ લય પામી.

સમાપ્ત

વાંચવાલાયક નવલકથાઓ.



ડૉ૦ ગોપીનાથ કીશનાજી શાસ્ત્રી.

કાંદાવાડી, સદાશીવ સ્ટ્રીટ પોસ્ટ ગીરગામ–મુંબઈ નં. ૪

હીંદુસ્તાનનાં જુદાં જુદાં શહેરોમાં ભરાયલા પ્રદરશનમાંથી ૩ સોનાના, ૪ રૂપાના, ૨ કાંસાનાં તથા ૮ સરટીફીકેટો યોગ્યતા બાબતમાં મળ્યા છે.

૧ શકતી ઉપરની ગોળીઓ નં. ૧ બળવર્ધક, શકતી વર્ધક, પૌષ્ટીક વગેરે. જુવાન તથા વૃદ્ધ માણસને વીશેષ અગત્યની કીં. રૂ. ૩॥. ૨ રગતપીતી ઉપર રામબાણ–ખાવાની તથા ચોળવાની, બેઉ બાટલીના રૂ. ૬. ૩ ધરસ ઉપર રામબાણ મલમ, કીં. રૂ. ૨. ૪ ધરસ ઉપર રામબાણ ચુરણ કી. રૂ. ૨. ૫ વાયુ નાશક તેલ. કી. રૂ. ૨ ૬ રક્તપીત્તરમ લાવનારી ગુટીકા, કી. રૂ. ૨ ૭ શુદ્ધ વનસ્પતીનું ટાઢીઆ તાવ ઉપર રામબાણ શરબત, કીરૂ૨ ૮ પીનસ રોગ ઉપર તેલ. કી. રૂ. ૨ ૯ મેદ ઉપર દવા. કીં. રૂ. ૨॥ ૧૦ કપાળશુળ તથા આધાશીશી ઉપર લગાડવાનું ઓસડ. કી.રૂ.૧॥ ૧૧ સફેદ કોડ ઉપર શુદ્ધ વનસ્પતીની બુકી કી. રૂ.૧। ૧૨ ક્ષય રોગ ઉપર રામબાણ હીમલસન (ઠંડ) કિ. રૂ.૧॥ ૧૩ વાળા ઉપર મલમ કી. રૂ.૧॥ ૧૪ અન્નપાચક ગોળીઓ કિ.રૂ.૧। ૧૫ હરસમળા ઉપર અકસીર ચુરણ સુંઘવાનું તથા પેટમાં લેવાનું કીરૂ.૧। ૧૬ બાલ જલદી કાળા કરવાનું કલપ, કીં. રૂ. ૧। ૧૭ પ્રમેહ ઉપર કીવા પુપણી ઉપર પીચકારીની દવા, કીં. રૂ. ૧। ૧૮ છોકરાંની આંચકી (આકડી) ઉપર રામબાણ ઓસડ કી. રૂ. ૩ ૧૯ જવરાંકુશ, તાવ ઉપર રામબાણ ઓસડ કી. રૂ. ૧ ૨૦ જ્વરગીદુ. કી. રૂ. ૧ ૨૧ જ્વરાંકુશવટી તાવ ઉપર રામબાણ ગોળીઓ, કીં રૂ. ૧ ૨૨ બાળસંજીવન, કી. રૂ ૧ ૨૩ ખાંસી ઉપર રામબાણ શરબત, કી. રૂ ૧ ૨૪ લોહભસ્મ મીશ્રીત શકતી ઉપર ગોળીઓ, નં. ૨, કી.રૂ.૧ ૨૫ બાલામરૂત, કી. રૂ.૧. ૨૬ નેત્રસંજીવન ટીપાં–આંખની રતાશ, પરવાળા, ફુલ માટે અકસીર, કી.રૂ. ૧ ૨૭ પ્રમેહ ઉપર વરતદ, કી. રૂ.૧ ૨૮ પ્રમેહ ઉપર ગોળીઓ, કીં. રૂ ૧ ૨૯ કેશવર્ધક સુગંધી તેલ, કીં રૂ. ૧ ૩૦ લોહી સાફ કરવાની દવા (સારસોપારીલા) કીં. રૂ. ૧ ૩૧ આંખોની ફુલાણી ઉપર વનસ્પતીનું ચુરણ, કીં. રૂ, ૧ ૩૨ વાળ કાઢવાની દવા, કીં. રૂ. ૧ ૩૩ પીપરમીંટનું તેલ, કીં. રૂ. ૧ ૩૪ દરાજ ઉપર ચાકીઓ, કીં. રૂ. ૧ ૩૫ જુલાબ પેટ દુખવું તથા ઝાડા બંધ કરવાનું ઓસડ, કીં.રૂ. ૦॥। ૩૬ શુદ્ધ વનસ્પતીની અચુક ગુણકારી ખાંસીની ગોળી, કીં. રૂ.૦॥। ૩૭ સીવટી. કી. ॥। ૩૮ કાનમાં નાખવાનાં ટીપાં, કી. રૂ. ૦॥। ૩૯ વીંછીના ડંખ ઉપર દવા, કીં. રૂ. ૦॥। ૪૦ ચામ તથા લોહી ઉપર દવા. કીં. રૂ. ૦॥। ૪૧ દંતમંજન, કી, રૂ. ૦। ૪૨ વાયુનાશક તેલ, કીં. રૂ. ૦। ૪૩ જુલાબની ગોળી, ૦।= ૪૪ દરાજ ઉપર રામબાણ મલમ, ૦।= ૪૫ ખુજલીગર મલમ કીં. ૦।= ૪૬ કપુરનો અરક, ૦।= ૪૭ પીપરમીંટનો અરક ૦।= ૪૮ ફુદીનાનો અરક, ૦।= ૪૯ કેશર તો. કીં. રૂ. ૩૨. ૫૦ કસ્તુરી તો. રૂ. ૩૨–૪૦

Register No. B. 1094.

સસ્તામાં સસ્તું અને સુંદર વાર્તાસાહિત્ય.

સરસ વાર્તાઓના મહાસાગરરૂપ,
મોટામાં મોટું, સોંઘામાં સોંઘું, સર્વોત્તમ,
મનહર, સુબોધક-સુનીતિપૂર્ણ.
આનંદ-ગમ્મત જ્ઞાન બોધ આપનાર,

સર્વોપયોગી માસિક,

વાર્તાવારિધિ.

પ્રતિમાસે ૨૫૦ પૃષ્ઠના સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક,
રોમાંચક અને ડિટેક્ટીવ સંપૂર્ણ રસીલી નવલ-
કથાઓ, ઉપન્યાસો, વાર્તાઓ-કથાઓ,
નાટકો, નિત્ય વર્તમાન, જ્ઞાનભાગ,
ચિત્રમાળા અને મનોરંજક તથા
ઉપયોગી ગ્રંથાવલિ આપેછે.

વાર્ષિક લવાજમ રૂ. ૨) પોસ્ટેજ આના આઠ
વાર્ષિક ૧૫૦૦ પૃષ્ઠ—૧૨૫ ફાર્મ.

પ્રકાશક.
અમૃતરામ ઉત્તમરામ ભટ્ટ,
[illegible]—અમદાવાદ.

દરેક છૂટક અંકના આના બાર.